૧૧) વિદ્યાશ્રી ફંડની સ્કીમ નો ઉદેશ હતો કે હર વર્ષે દાતા પોતાના ફંડમાં પોતાની અનુકૂળતા મુજબ નાની-મોટી રકમ ઉમેરતા જાય અને ટીપે-ટીપે સરોવર ભરાય તેમ તેમના વિદ્યાશ્રી ફંડનું મૂડી ભંડોળ મજબૂત થાય.... આ ઉદેશ અનુસાર નવેમ્બર-ડિસેમ્બર માસમાં **'ફૂલ કે ફૂલ પાંખડી'** જેટલી રકમ ઉમેરવાની અપિલ અને વિનંતી કરતો પત્ર કાર્યાલય તરફથી પાઠવવામાં આવશે અને/અથવા રીમાઈન્ડ કરાવવા કાર્યાલયનો સ્ટાફ મેમ્બર ફોન પણ કરી શકે છે.... રૂા.૫૦૦/- ઓછામાં ઓછા સ્વીકારવામાં આવશે....

૧૨) વિદ્યાશ્રી ફંડના હક્ક મુજબ તો ભલામણ કરેથી સ્કોલરશીપ આપવામાં આવશે પરંતુ ક્યારેક પોતાના સર્કલમાં વધારે વિદ્યાર્થીઓ તમારી પાસે આવે તો તમો 'ગવર્નર' ને ફોન કરી વિશેષ માટે વાતચીત કરી શકો છો. સંજોગો હશે તો 'ગવર્નરશ્રી' જરૂરથી યોગ્ય કરશે.

૧૩) વિદ્યાશ્રી ફંડના દાતાની ભલામણ હશે તો અન્ય ટ્રસ્ટોમાંથી પણ સ્કોલરશીપ આપવામાં આવશે. આ વિષે વધુ સ્પષ્ટતા કરવા 'ગવર્નરશ્રી' ને અગાઉથી વાતચીત કરવી ઈચ્છનીય છે.

૧૪) વિદ્યાશ્રી ફંડના દરેક દાતાને નમ્ર વિનંતી કરવામાં આવે છે કે તમારા સર્કલમાં આ પ્રકારે દાન આપી વિદ્યાશ્રી ફંડ બનાવી શકે તેવા મહાનુભવોને તેમ કરવા ભલામણ કરો.

૧૫) નં.૧૪ માં જણાવ્યા મુજબ મહાનુભવને (prospective donor) આવશ્યકતા મુજબ સંસ્થાનો પદાધિકારી રૂબરૂ તેમના ત્યાં જઈ વધુ વિગતથી સમજાવશે. માટે સંબંધિત મહાનુભવને આ સ્કીમમાં જોડાવા ભલામણ કરો તેવી ખાસ વિનંતી છે.

લિ. અશોક એસ.મહેતા/નવનિત એસ.શાહ (ગવર્નર)

# સંઘ-મહાસંઘ અંતર્ગત સ્કોલરશીપ સ્કીમો અને વિવિધ શૈક્ષણિક સહાય યોજનાઓ

## મહારાષ્ટ્ર (મુંબઈ) ઝોન અંતર્ગત સ્કોલરશીપ સ્કીમો

### ૧) વસંત સી એન્ડ પ્રભા વી. મહેતા સ્કોલરશીપ ચેરીટેબલ ટ્રસ્ટ

ધોરણ ૧૦ પાસ વિદ્યાર્થી આ સ્કોલરશીપ માટે અરજી કરી શકે છે. આ અંગેના ફોર્મ્સ સંસ્થાના કાર્યાલયમાંથી ૩૧ મી મે ૨૦૨૬ પછીથી મંગાવવાના રહેશે. આ ઉપરાંત દરેક ડિવિઝનના પ્રમુખ ઉપર મોકલી આપવામાં આવેલ છે જેની પાસેથી પણ ફોર્મ મેળવી લઈ શકો છો. ફોર્મ સંપૂર્ણ ભરીને સીધા મુંબઈ કાર્યાલયમાંજ મોકલવાના રહેશે. ફોર્મ સંપૂર્ણ ભરવું જરૂરી છે. **અધુરા ભરેલ ફોર્મ નામંજૂર થઈ શકે છે,** જે માટે કોઈ પત્રવ્યવહાર કરવામાં આવશે નહી. દરેક વિદ્યાર્થી/વાલીએ ફોર્મની બરાબર ચકાસણી કરી સંપૂર્ણ ભરવાની ફરજ છે. ફોર્મ સાથે આપેલ નિયમો અને સૂચનોનું અભ્યાસ કર્યા બાદ ફોર્મ ભરવું.

જે કોઈ વિદ્યાર્થી **ધોરણ૧૦ માં ૮૫ ટકા** ઉપરાંત અને **ધોરણ ૧૨ માં ૮૦** ઉપરાંત ના ટકાવારી થી પાસ થયેલ હશે તેને તેની મંજુર થતી સ્કોલરશીપ **ઉપરાંત** પ્રોત્સાહન સ્કોલરશીપ તરીકે રૂ. ૫૦૦૦/- **વધારાના** આપવામાં આવશે. આ બાબતે વિદ્યાર્થીઓએ ઝોન ગવર્નર અથવા જે.પી.ભાઈ નું ધ્યાન દોરવા વિનંતી છે. **આટલા ટકા મેળવનાર દરેક વિદ્યાર્થીને રૂા.૫,૦૦૦/- વધારાના આપવામાં આવશે.** **(Additional Encouragement)**

આ ટ્રસ્ટ USA નિવાસી સ્વ. વસંતભાઈ સી. મહેતા અને સ્વ.શ્રીમતિ પ્રભાબેન વી. મહેતા ના સૌજન્યથી બનેલ છે. જેની સ્થાપના વર્ષ ૨૦૦૨-૦૩ માં કરવામાં આવેલ હતી. આમાં વર્ષો-વર્ષ માંગણી વધતી જાય છે. સમાજબંધુઓને તથા **ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને વિનંતી છે** કે સ્વૈચ્છિક દાનરાશી આ ટ્રસ્ટ માટે મોકલે. **કોઈપણ દિગંબર જૈન સમાજબંધુ સભ્ય/નોન સભ્ય ને લાભ આપવામાં આવે છે.** હર વર્ષના સ્ટેમ્પ મારેલ ફોર્મ કાર્યાલયમાંથી મોકલવામાં આવે છે. રૂા. ૧૦ રૂપિયાના પોસ્ટલ સ્ટેમ્પ સાથે અરજી કરવી. **ઝેરોક્ષ ફોર્મ ચલાવવામાં આવતા નથી.** આ ફોર્મ તમારા ડિવિઝનના પ્રમુખ ઉપર મોકલવામાં આવેલ છે.

### ૨) શ્રી. સી.એમ.શાહ લોન સ્કોલરશીપ ફંડ

ઉપરોક્ત ફંડમાંથી ધો. ૧૨ પછી મોટી રકમની લોન સ્કોલરશીપ આપવામાં આવે છે. જે વિદ્યાર્થી કમાતો થાય એટલે રીફંડ કરવાની રહેશે. આ લોનની રકમ ઉપર કોઈ વ્યાજ લેવામાં આવતું નથી. ધો.૧૦ પછી કોઈ વિદ્યાર્થી ડિપ્લોમા એન્જીનીયરીંગ તથા અન્ય ડિપ્લોમા કોર્સ વિ. કરતો હશે તો તેને પણ આ સ્કીમનો લાભ આપવામાં આવશે.

જુના તથા નવા બન્ને કેટગરી ના વિદ્યાર્થીઓએ કાર્યાલયમાં ફોન કરી જે.પી. ભાઈ પાસેથી ફોર્મ મંગાવવાના રહેશે.

વિદ્યાર્થી ની Request મળેથી વિદ્યાર્થીને email id address મારફતે પણ આ ફોર્મ મોકલવામાં આવશે.

કેટલાંક વિદ્યાર્થીઓએ ગ્રેસફુલી લોન રકમ પરત કરેલ છે અને કેટલાંકે હજુ સુધી કરેલ નથી તેમને વિનંતી કરવામાં આવે છે કે સત્વરે તેમની રકમ પરત કરે જેથી નવા વિદ્યાર્થીઓને લાભ મળી શકે.

આ યોજના CA શ્રી.નવિનભાઈ સી.એમ.શાહ (લંડન) પરિવારના સૌજન્યથી શરૂ કરવામાં આવેલ હતી. એટલે કે આ પરિવાર સ્થાપકદાતા છે. સંસ્થાનો Email Id jainyuvasangh.gdjsm@gmail.com **સંપર્ક નં. : જે.પી. : ૦૯૦૭૫૦ ૫૧૯૬૯/૦૨૨-૬૬૩૩ ૭૪૭૯.** ફોર્મ કુરીયર કરવામાં આવશે. બેંકમાં કુરીયર ચાર્જ રૂા.૫૦/- ભરવાના રહેશે.

### ૩) મહાસંઘ લોન સ્કોલરશીપ

**સ્થાપક દાતાશ્રીઓ :** પરીખ મહેશભાઈ જીવણલાલ (સાયન)<br>
કોટડીયા સુશીલાબેન સુમતીલાલ ચુનીલાલ (મુંબઈ)<br>
શાહ દિવ્યેશ હિમ્મતલાલ (બોરીવલી)<br>
શાહ જયંતિલાલ ચુનીલાલ (ગોરેગાંવ)<br>
કોટડીયા વસંત મણીલાલ (મુંબઈ)

**શ્રી વસંત કોટડીયા** ની મહેનત થી આ પ્રોજેક્ટ અમલમાં આવેલ છે. આ સ્કીમ વર્ષ ૨૦૧૩ થી ચાલી રહી છે. આ સ્કીમ અંતર્ગત શ્રી વસંતભાઈ કોટડીયા ની થિયરી હતી કે વિદ્યાર્થીને તેના શિક્ષણ ફી ના ૮૦ ટકા સુધી રકમ આપવી. કેટલાંક વિદ્યાર્થીઓએ ગ્રેસફુલી સપ્રેમ રકમ પરત પણ કરેલ છે તેથી તેમનો ખૂબ-ખૂબ આભાર માનવામાં આવે છે. નવા/જુના બન્ને વિદ્યાર્થીઓએ કાર્યાલયમાં જે.પી.ભાઈ ને ફોન કરી ફોર્મ મંગાવી લેવા. Email ID એડ્રેસ થી પણ ફોર્મ મોકલવામાં આવશે. જે વિદ્યાર્થીઓ નું શિક્ષણ પુરું થઈ ગયેલ હોય તેઓએ હજુ સુધી રકમ પરત કરેલ ન હોય તો સત્વરે પરત કરવા વિનંતી છે. જેથી નવા વિદ્યાર્થીઓને લાભ આપી શકાય. Email Id jainyuvasangh.gdjsm@gmail.com

• **સંપર્ક નં.: જે.પી. ૦૯૦૭૫૦ ૫૧૯૬૯ / ૦૨૨-૬૬૩૩ ૭૪૭૯.**

## ૪) વર્ષ ૨૦૨૬-૨૭ માટે નોટબુક વિતરણનો ભાવ

| | | |
|---|---|---|
| ❀ સભ્યો માટે | ડઝન ના | રૂ. ૫૦/- ના હિસાબે. |
| ❀ નોન સભ્યો માટે ડઝન ના તથા ફોર્મ ભરેલ નથી તે માટે | | રૂ. ૧૦૦/- ના હિસાબે. |

૧) **M/s. Ruloans Distributor Services (P) Ltd., Andheri (E), Mumbai** તરફથી નોટબુક વિતરણ માટે રૂ.૪,૦૦,૦૦૦/- નું દાન.....આ દાન મળવાથી સભ્યોના બાળકોને રૂ.૫૦/- ડઝન ના ભાવે નોટબુક મળી રહેશે.

૨) પ્રતિ વર્ષની જેમ આ સમયે નોટબુકના ફોર્મ્સ **જાન્યુઆરી ૨૦૨૬** ના 'લોકાધાર'ના અંકમાં છાપવામાં આવેલ હતાં....

૩) **જે ફોર્મ્સ ભરીને આવ્યા છે તે અનુસાર જ નોટબુક સેન્ટર ઉપર મોકલવામાં આવે છે તેથી જેમણે નોટબુકના ફોર્મ્સ ભરેલ નથી તેમણે સેન્ટર ઉપરથી નોટબુક આપી શકીએ તેમ નથી.**

૪) નોટબુકના ફોર્મ્સ જે કાર્યાલયમાં મળેલ છે તેની ઝેરોક્ષ સેન્ટર ઇનચાર્જ ને મોકલવામાં આવેલ છે.

૫) સભ્ય ન હોય અથવા ફોર્મ એડવાન્સમાં ન મોકલેલ હોય તેવા સમાજબંધુના બાળકોને તથા સાર્વજનિક રીતે નોટબુક ફક્ત મુંબઈ કાર્યાલયમાંથી આપવામાં આવશે. (જ્યાં સુધી સ્ટોક હોય ત્યાં સુધી અપાશે).

૬) નોટબુકમાં ફક્ત મોટા ચોપડા (લોંગબુક) જ આપવામાં આવશે.

૭) મુંબઈ તથા ગુજરાતના દરેક મુખ્ય સેન્ટરોમાં 'મહાસંઘ' તરફથી નોટબુકનું વિતરણ કરવામાં આવે છે. **નોટબુક વિતરણ તે વિદ્યાર્થીને સીધી જ સહાય છે,** એટલે સામુહિક ભાવનાથી નોટબુક વિતરણ થાય છે. **જેથી નાની-મોટી આવક ધરાવતા દરેક સભ્ય સમાજબંધુને લાભ લેવા વિનંતી છે.**

૮) આ અગાઉ સંસ્થાના કાર્યકરો પોતાના ગજવામાંથી નાની-મોટી રકમ કન્ટ્રીબ્યુટ કરીને તથા શુભેચ્છકો પાસેથી નાનું-મોટું દાન મેળવીને મુંબઈ પ્રોપરમાં નોટબુક નું વિતરણ કરતા હતાં. ઉપર જણાવ્યા પ્રમાણે સ્વ.શ્રી અનિલભાઈએ આ માટે રકમ આપ્યા બાદ મુંબઈ ઉપરાંત ગુજરાતમાં વર્ષ ૧૯૯૧-૯૨ થી નોટબુક વિતરણ નિરંતર થઈ રહેલ છે.

૯) અંદાજે છેલ્લા ૩૪ વર્ષથી ગરીબ તવંગર કે મધ્યવર્ગ ના (આવકની દૃષ્ટિએ) કોઈપણ ભેદભાવ વગર નોટબુક વિતરણ કરતા આવેલ છીએ. **આ સર્વ સભ્યોના બાળકો માટે અને તેમના લાભાર્થે થાય છે.**

૯) સાર્વજનિક રીતે કોઈપણ જ્ઞાતિના ગરીબ વિદ્યાર્થીઓને રૂ.૫૦/- ના ભાવે કાર્યાલયમાંથી અપાશે.

૧૦) Non Member means those who are eligible to be a member but avoiding to become member is liable to pay Rs. 10/- more.

**વિનંતી :** જે વિદ્યાર્થીઓ સંસ્થાની નોટબુક થી ભણી સારી સ્થિતિમાં (આર્થિક સંપન્નતા ની દૃષ્ટિએ) છે તેઓ સંસ્થાને **દાન કે નોટબુક માટે જાહેર ખબર મોકલાવી** આભારી થાય અને સમાજના ટ્રસ્ટ તરફ તેમણી પ્રેમભરી કૃતજ્ઞતા વ્યક્ત કરે તેવી નમ્ર વિનંતી છે...

**૭૦૦ ડઝન નોટબુક વિતરણ થાય છે જેમાં નુકશાની આવે છે. આપ જાહેરાત આપી અથવા દાનરાશી આપી મદદ કરી શકો છો. આ માટે કાર્યાલયમાં (૦૨૨-૬૬૩૩૭૪૭૯) સંપર્ક કરીશકો છો.**

## ૫) ગોલ્ડ મેડલ પ્રાઈઝ : સી.એ. થનાર વિદ્યાર્થિનીને ગોલ્ડ મેડલ

### "શ્રીમતિ કમળાબેન સી.એમ.શાહ વુમન ગોલ્ડ મેડલ પ્રાઈઝ ફંડ"

**સી.એ.થનાર મહિલાને ગોલ્ડ મેડલ પ્રાઈઝ :** મહાસંઘના નેજા હેઠળ **સ્વ. શેઠશ્રી સી. એમ. શાહના** ઉદાર દાનથી ગુજરાતી દિગંબર સમાજની મહિલાઓના કેળવણી ઉત્તેજનના પ્રયાસ નિમિત્તે **શ્રીમતી કમળાબેન સી.એમ.શાહ વુમન ગોલ્ડ મેડલ પ્રાઈઝ ફંડની** સ્થાપના કરેલ છે. જેના આશ્રયે જે કોઈ એક વિદ્યાર્થિની જે Highest માર્કથી સી.એ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થશે તેને ગોલ્ડ મેડલ આ ફંડ તરફથી આપવામાં આવશે. (એક વર્ષના 'બે' પરીક્ષાના 'બે' મેડલ રહેશે). ગુણ ગૌરવ અથવા અન્ય કોઈ ફંક્શનમાં એવોર્ડ માટે બોલાવવામાં આવશે.

## ૬) ગોલ્ડ મેડલ પ્રાઇઝ : સી.એ. થનાર યુવકને ગોલ્ડ મેડલ

### CA શ્રી.સી.એમ.શાહ, સી.એ. બોયઝ ગોલ્ડ મેડલ ફંડ

**શ્રી.સી.એમ.શાહ, સી.એ.બોયઝ ગોલ્ડ મેડલઃ શ્રી.છગનકાકા** (સી.એમ.શાહ) બોયઝ ગોલ્ડ મેડલ ફંડમાંથી C.A.Final ની પરીક્ષામાં Highest માર્કથી ઉત્તીર્ણ થનાર એક વિદ્યાર્થીને આ ગોલ્ડ મેડલ આપવામાં આવશે. એક વર્ષના 'બે' મેડલ રહેશે. વધુ વિગત કાર્યાલયમાંથી મળશે. (બન્ને મેડલ અંગેની વધુ વિગત માટે ઈનચાર્જ નિતિન શાહ M : 98214 67981) સંપર્ક કરી વધુ પૂછપરછ કરી શકશો. ગુણગૌરવ અથવા અન્ય કોઈ ફંક્શનમાં એવોર્ડ માટે બોલાવવામાં આવશે.

## ૭) સનદી પરીક્ષાઓ માટે મદદ

દેશનું શાસન ચલાવવામાં પ્રધાનો કરતાં પણ જેનું વિશેષ યોગદાન છે તે **સનદી અધિકારીઓ** છે. વિદિત હશે કે દક્ષિણ અને ઉત્તર ભારતના એકદમ તેજસ્વી વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ થવા બાદ આ પરીક્ષાઓ પસાર કરી સરકારમાં ટોચના સ્થાને બિરાજે છે. ગુજરાતીઓ આ બાબતમાં નહિવત્ સંખ્યામાં છે. (આ પરીક્ષા એટલે IAS/IPS/IFS, IRS વિગેરે) આ પરીક્ષામાં બેસવા ઈચ્છતા વિદ્યાર્થીઓની યોગ્ય તપાસણી કર્યા બાદ મહત્તમ મદદ આપવા પ્રયાસ થશે. પરંતુ આ માટે ગ્રેજ્યુએટ કક્ષામાં તેજસ્વી દેખાવ કરેલ હોય તે અત્યંત જરૂરી છે. સાદા પેપર ઉપર આ માટે અરજી કરવાની રહેશે;

## ૮) પત્રકાર કોર્સ કરવા સ્કોલરશીપ

**પત્રકાર કોર્સ માટે મદદ :** કોઈ પણ સમાજની અંદર જાગૃતિપ્રેરક વિચારો કેળવવા માટે 'પત્રકાર' એ ઉત્તમ માધ્યમ છે. આપ સૌને વિદિત હશે કે 'લોકશાહી' ના ચાર પાયામાં 'વર્તમાનપત્રો' ને પણ એક સ્થંભ ગણવામાં આવ્યો છે, તેને ચોથી જાગીર ગણવામાં આવે છે. આ માટે સારી કક્ષાના પત્રકાર તૈયાર કરવા તે અનિવાર્ય છે. આ એ લોકો છે **જે કલમ દ્વારા ક્રાંતી સર્જી શકે છે.** આ વસ્તુ ખ્યાલમાં રાખી કોઈપણ વિદ્યાર્થી આ પત્રકાર કોર્સમાં જવા ઈચ્છતો હશે તો તેને 'સંઘ' તરફથી 'કોલેજ ફી' માં યોગ્ય મદદ આપવામાં આવશે. સાદા પેપર ઉપર આ માટે 'સંઘ' ના કાર્યાલયમાં અરજી મોકલવાની રહેશે.

## ૯) વિદ્યાર્થી પુસ્તક સહાય

**વિદ્યાર્થી પુસ્તક આર્થિક સહાય :** ધો. ૮ થી ધો.૧૦ના વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકો માટે આર્થિક સહાય આપવામાં આવે છે તથા તે જ રીતે કોલેજ નો વિદ્યાર્થીઓને પુસ્તક આર્થિક સહાય આપવામાં આવે છે. પુસ્તક ખરીદીના બિલ ફોર્મ સાથે જોડવા પડશે. જે માટે પુસ્તક સ્કોલરશીપનું ફોર્મ કાર્યાલયમાંથી મેળવી લેવું.

## ૧૦) ઉચ્ચ અભ્યાસક્રમ પુસ્તક આર્થિક સહાય

ડોક્ટર-એન્જીનીયર કે પોસ્ટ ગ્રેજ્યુએશન માટે આ સહાય કરવામાં આવે છે. કાર્યાલયમાંથી ફોર્મ મેળવી લેવાનું રહેશે.

## Donation Received under C R S Scheme For Education promotion & Health Promotion & for other purposes as per Schedule VII

### For F. Y. 2025-26 (31-3-2026)

1) **M/s.Ruloan Distribution Services (P) Ltd.**
   Andheri (East), Mumbai, Maharashtra
2) **M/s. Integreon Managed Solutions**
   Goregaon (East), Mumbai, Maharashtra
3) **Tipsons Financial Services Pvt. Ltd.**
   Ahmedabad-Gujarat
4) **Money Crew Fintech Pvt. Ltd.**
   Mumbai - Maharashtra.

We are very much grateful to all above companies & their board of directors for giving donation to Gujarati Digamber Jain Samaj Mahasangh, Maharashtra Zone

**Navnit S. Shah** (Governor - Maharashtra Zone)

## વર્ષ ૨૦૨૬ માં ફોર્મ ભરનાર માટે નોટબુક નો ડઝન ના રૂા.૫૦/-

- મે. રૂલોન ડિસ્ટ્રીબ્યુટર્સ સર્વિસીઝ પ્રા. લિ. અંધેરી તરફથી નોટબુક અંગેનો તમામ ખર્ચ આપવામાં આવેલ છે. જેથી વિદ્યાર્થીઓને ડઝનના રૂા.૫૦/- ના (નોટના હિસાબ મેળવવાના હેતુથી) દરથી સંસ્થા આપશે. - નવનિત એસ. શાહ - ગવર્નર (મુંબઈ ઝોન)

## સ્કોલરશીપ ફોર્મ મેળવનાર માટે અગત્યની સૂચના

- સ્કોલરશીપ માટે ફોર્મ ચાલુ વર્ષના સ્ટેમ્પ મારેલ ઓરીજનલ (original) ફોર્મ જ સ્વીકારવામાં આવશે. (ઝેરોક્ષ ચલાવવામાં આવતી નથી).
- ફોર્મ મેળવવા માટે self address enveloped (student should affix postal stamp on self addressed envelope) મોકલવાનું રહેશે. સાથે request letter મોકલાવો.
- ભલામણકર્તા તરીકે સંઘ-મહાસંઘના સ્થાનિક ઝોન-ડિવિઝનના પદાધિકારી અથવા સભ્ય ની સહી મેળવવી.
- ભલામણ કરનાર ની ઉંમર ૨૧ વર્ષ કરતાં વધુ હોવી જોઈએ અને તેવી વ્યક્તિ ફોર્મ માં જણાવ્યા મુજબ professional / businessman / well placed employee હોવો જોઈએ. બીજા શબ્દોમાં એક વિદ્યાર્થી બીજા વિદ્યાર્થીના ફોર્મ માં સહી કરી તે ચલાવવામાં આવશે નહિ.

## લાભાર્થી જુના વિદ્યાર્થીઓને નમ્ર અપીલ

દિન-પ્રતિદીન સ્કોલરશીપ લેવાવાળાની સંખ્યા વધતી જાય છે તથા કોલેજ ફીની રકમ પણ વધતી જાય છે. આ સંજોગોમાં આપણા ફંડો ઘણા ટૂંકા કે નાના છે.

ઉપરોક્ત હકીકત ધ્યાનમાં રાખીને આપે મેળવેલ સ્કોલરશીપ પરત કરો તેવી નમ્ર વિનંતી છે. આપની સ્થિતી સુખી-સધ્ધર બની ગઇ હોય તો આપ સ્કોલરશીપ સહયોગ રાશી મોકલાવો તેવી અમારી નમ્ર અપીલ છે જેથી વધુ વિદ્યાર્થીઓને લાભ આપી શકાય.

જે વિદ્યાર્થીઓ જેમણે સ્કોલરશીપ અથવા પાઠયપુસ્તકો-નોટબુક વિ. નો ભૂતકાળમાં લાભ મેળવેલ છે અને સભ્ય ન બનેલ હોય તેમણે સભ્ય બની જવા નમ્ર અપિલ છે.

## 'મહાસંઘ' મધ્ય ગુજરાત ઝોન અંતર્ગત કાર્યરત સ્કોલરશીપ ફંડો

### વિદ્યા સહાય ફંડ - વડોદરા

**રૂા. ૪,૦૦૦/- ની સ્કોલરશીપનાં દાતાશ્રીઓ**

૧) **શ્રી સુખમાલચંદજી જૈન**
હ. કુલભુષણ જૈન

૨) **શ્રી.અજીતભાઇ જૈન**
હ. અનીતા જૈન

**રૂા. ૨,૦૦૦/- ની સ્કોલરશીપનાં દાતાશ્રીઓ**

૧) **શ્રી મગનલાલ નાથાભાઇ શાહ**
હ. મહેશચંદ્ર એમ. શાહ

૨) **શ્રી.અશોકભાઇ જૈન** (વડોદરા)

૩) **શ્રી.રાજેન્દ્રભાઇ જૈન** (વડોદરા)

ઉપરોક્ત સ્કોલરશીપનો લાભ લેવા ઇચ્છુક વિદ્યાર્થીઓએ સંપર્ક કરવો.

મહેશચંદ્ર મગનલાલ શાહ : ૯૮૨૫૯ ૫૯૩૬૮

જતીન પ્રવિણચંદ્ર શાહ : ૯૮૨૫૦ ૫૦૬૧૧

## ઉચ્ચતર અભ્યાસ માટે સ્કોલરશીપ અંગે જાહેરાત

**શ્રી દિગંબર જૈન સમાજ અલકાપુરી, વડોદરા** દ્વારા સંચાલીત 'સ્વ.કાશીબેન મગનલાલ શાહ તથા સ્વ. શાન્તાબેન ભોગીલાલ શાહ (ભોજવાળા) શિષ્યવૃત્તિ ફંડ' અન્વયે ઉચ્ચતર અભ્યાસ જેવા કે એન્જીનીયરીંગ, ફાર્મસી, ચાર્ટડ એકાઉન્ટન્ટ, મેડિકલ (ડેન્ટલ સહીત), ફિઝીયોથેરાપી, એમ.બી.એ., એમ.સી.એ. વિ. વિદ્યાશાખા માં અભ્યાસ કરવા માગતા દિગંબર જૈન સમાજના વિદ્યાર્થીને લઘુતમ સ્કોલરશીપ રૂા. ૫,૦૦૦/- આપવાનું સમાજે નક્કી કરેલ છે.

સ્કોલરશીપ મેળવવા પાત્ર વિદ્યાર્થીની સંખ્યા ફંડ ઉપલબ્ધિ પર રહેશે.

વર્ષ ૨૦૨૬-૨૭ માટે સ્કોલરશીપ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ તા.૧૮/૮/૨૦૨૬ સુધીમાં સ્કોલરશીપ માટેના નિયત ફોર્મ નીચેના સરનામેથી મેળવીને પહોંચતું કરવાનું રહેશે. ફોર્મ ફી રૂા. ૫.૦૦ (અંકે રૂપિયા પાંચ) રાખેલ છે.

**નોંધ :** વિશેષ જાણકારી માટે શાહ જીતેશચંદ્ર રતિલાલ (કન્વીનર સ્કોલરશીપ) નો સંપર્ક કરવો. મો.: ૯૪૨૬૦ ૨૬૬૩૧

સરનામું : **શ્રી દિગંબર જૈન સમાજ અલકાપુરી,**
બી, ૯, ૧૦, ૪૫ માત્રી મંદિર સોસાયટી, મકરંદ દેસાઈ રોડ, ગદાપુરા, વડોદરા - ૩૯૦ ૦૨૧.

## 'મહાસંઘ' ઉત્તર ગુજરાત ઝોન અંતર્ગત સ્કોલરશીપ સ્કીમો

**કાર્યાલય :** C/o. કોટડીયા રોહીત બાબુલાલ, એમ/૭, સૌંદર્યા અપાર્ટમેન્ટ, અર્જુન ટાવરની પાછળ,
સી. પી. નગર, ઘાટલોડીયા, અમદાવાદ-૩૮૦ ૦૬૧. • મો.: ૯૭૧૨૯ ૩૫૮૫૫

### ૧) શ્રી નૃપેશ ચંદ્રવદનભાઈ શાહ - શ્રીમતી અમી નૃપેશ શાહ સ્કોલરશીપ ફંડ

ઉપરોક્ત સ્કોલરશીપ ફંડ અંતર્ગત ધો. ૧૨ પછીના ઉચ્ચ અભ્યાસક્રમ જેવા કે ડીગ્રી/ડીપ્લોમા/એન્જીનીયરીંગ, મેડીકલ (Any faculty) તથા કોઈપણ માસ્ટર ડીગ્રી કે બેચલર ડીગ્રી C.A./C.S./ICWA/Ph.D. વિ. માટે સ્કોલરશીપ આપવામાં આવે છે. ફોર્મ ઉપરોક્ત સરનામેથી મળશે તથા વધુ પૂછપરછ શ્રી.રોહિતભાઈ કોટડિયા/શ્રી.પિન્કેશભાઈ શાહ-૯૩૨૮૨ ૯૯૪૩૩ (શૈક્ષણિક કેબિનેટ મંત્રી) અથવા ઝોન ગવર્નર શ્રી.અજીતભાઈ એમ. મહેતા (મો. ૯૮૨૫૦ ૩૦૯૦૬) થી કરવી. આ સ્કીમ CA શ્રી.નૃપેશભાઈ ચંદ્રવદન અમદાવાદના સૌજન્યથી શરૂ કરવામાં આવેલ છે જેઓશ્રી 'ચેરમેન' છે અને ગવર્નર શ્રી.અજીતભાઈ મહેતા વાઈસ ચેરમેન છે. શ્રી.ભરતભાઈ રમણીકલાલ શાહ (મો. ૭૬૦૦૦ ૭૦૦૭૦) આ સ્કોલરશીપ ફંડના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે સેવાઓ આપે છે. વિદ્યાર્થી/વાલી ઉપરના કોઈપણ મહાનુભાવોનો સંપર્ક કરી સ્કોલરશીપ વિશે વધુ માર્ગદર્શન મેળવી શકશે. અમદાવાદ ડિવિઝનના પ્રમુખશ્રી કમલેશભાઈ દોશી (૯૩૭૭૬ ૨૫૯૧૧) નો પણ સંપર્ક કરી ફોર્મ મેળવી શકો છો.

બધા ઝોનના વિદ્યાર્થીઓને આ લાભ આપવામાં આવે છે.

### ૨) જ્ઞાનદીપ ફંડ સ્કોલરશીપ

ઉત્તર ગુજરાત ઝોન અંતર્ગત વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવા માટે કેટલાક મહાનુભાવોએ સંસ્થાની અપીલને માન આપી રૂા.૫૧,૦૦૦/- ના મૂડી ભંડોળ (Corpus Fund) થી તેમના પરિવારજનોના નામથી 'જ્ઞાનદીપ ફંડ' સ્કોલરશીપ યોજના બનાવેલ છે. તેના અંતર્ગત નીચેના 'જ્ઞાનદીપ ફંડ' માંથી ફંડ દીઠ રૂા.૨,૦૦૦/- (બે હજાર પુરા) આપવામાં આવશે. આ અંગેના ફોર્મ્સ જે તે દાતાના ડોનર ટ્રસ્ટી ને રવાના કરવામાં આવેલ છે. વિદ્યાર્થીએ તેમનો સંપર્ક કરી તેમની પાસેથી ફોર્મ સહી કરાવી મેળવી લેવાના છે. જ્ઞાનદીપ ફંડના ડોનર ટ્રસ્ટીના ફોન નંબર અત્રે તેમના નામ સાથે આપવામાં આવેલ છે.

| દાતારના જ્ઞાનદીપ ફંડનું નામ | દાતારના ડોનર ટ્રસ્ટી નામ અને ફોન નંબર | |
|---|---|---|
| ♦ મહેતા હંસાબેન રમેશચંદ્ર જ્ઞાનદીપ ફંડ | શ્રી.અતુલભાઈ આર.મહેતા (અમદાવાદ) | ૯૩૨૭૦ ૨૭૪૪૩ |
| ♦ વખારિયા દીપકભાઈ મણીલાલ જ્ઞાનદીપ ફંડ | શ્રી.દીપકભાઈ એમ.વખારીયા (કલોલ) | ૯૮૨૫૦ ૨૧૦૮૩ |
| ♦ શાહ ભારતીબેન નરેશકુમાર જ્ઞાનદીપ ફંડ | શ્રી.અંકિત નરેશભાઈ શાહ (અમદાવાદ) | ૯૯૨૫૧ ૨૦૮૨૦ |
| ♦ શાહ ભોગીલાલ મંગાલાલ જ્ઞાનદીપ ફંડ | શ્રી.કિરીટ ભોગીલાલ શાહ (અમદાવાદ) | ૯૮૨૪૫ ૪૬૮૬૧ |
| ♦ વખારિયા બીજલ સ્વપ્નિલ જ્ઞાનદીપ ફંડ | શ્રીમતી બીજલબેન સ્વપ્નિલ વખારિયા (અમદાવાદ) | ૯૭૨૭૨ ૪૪૧૧૦ |

❖ ઉપરોક્ત બન્ને સ્કોલરશીપ માટે ફોર્મ મેળવવા પૂછપરછ માટે સંપર્ક ❖

**કોટડિયા રોહિત બાબુલાલ, મો.: ૯૭૧૨૯૩૫૮૫૫**

# હાર્દિક અભિનંદન

## ભગવાન મહાવીર સાર્વજનિક સ્કોલરશીપ ફંડ


**આ માટે ફંડ ના (સ્પોન્સર્ડ) સંસ્થાપક શ્રી.અશોકકુમાર સોમચંદ મહેતા અને શ્રીમતિ લલિતાબેન અશોકકુમાર મહેતા નો પરિવાર છે.**

સંસ્થાપક



**મહેતા અશોકકુમાર સોમચંદ**
Chartered Accountant

**ફંડના સ્થાપક પિતા-પુત્ર તરફથી સ્થાપના ફંડ**
**રૂ.૫૧,૦૦,૦૦૦/-**
**(રૂપિયા એકાવન લાખ)**
**કરવામાં આવેલ છે**



**મહેતા કૌશિક અશોકકુમાર**
B.Com., LL.B.

વર્ષ ૨૦૧૯ ના ફેબ્રુઆરીમાં **રૂ.૨૫,૦૦,૦૦૦/-** આપવાની ઘોષણા કરી **'ભગવાન મહાવીર સાર્વજનિક સ્કોલરશીપ ફંડ'** સંઘ-મહાસંઘના સંસ્થાપક શ્રી.મહેતા અશોકકુમાર સોમચંદ તરફથી કરવામાં આવેલ. તેનાથી વધુ રકમ તેમના આ ખાતામાં મૂડી (corpus fund) તરીકે તેઓશ્રી તરફથી જમા કરાવવામાં આવેલ છે. તાજેતરમાં ૪ એપ્રિલ ૨૦૨૬ ના રોજની મુંબઇ ઝોનની **'લોકપ્રતિનિધિ સભા'** ની મિટીંગમાં આ ફંડ માં વધારો કરી **રૂ.૫૧,૦૦,૦૦૦/-** (રૂપિયા એકાવન લાખ) ની સ્વીકૃતિ પુત્ર તથા પિતાશ્રી તરફથી મળેલ છે. આખા ગુજરાતનો આપણો દિગંબર જૈન સમાજ લગભગ આ પરિવારને જાણે છે તથા તેમની ગુજરાતી દિગંબર જૈન સમાજ તરફની **ભલી લાગણીઓથી** પણ પરિચિત છે તેથી તેમના વિષે વિશેષ કંઇ લખવાની જરૂર નથી. તેમના પુત્ર તરફથી હર વર્ષે મોટી રકમ ગુજરાતી સમાજના લાભાર્થે ઉપયોગ કરવા માટે આપવામાં આવે છે. **તેમના પરિવારના દરેક સભ્યનો ખૂબ-ખૂબ આભાર સાથે અભિનંદન અને ધન્યવાદ કરીએ છીએ....**

'સમાજ-સંપ્રદાય-રાષ્ટ્ર' ની સેવાના સૂત્રને અનુરૂપ તેમાણે આ ફંડ સાર્વજનિક લાભ આપવા બનાવેલ છે. તેમણી પરિવારની ફર્મ **M/s. Ruloans Distributors Services Pvt. Ltd.** તરફથી હર વર્ષે ઘણુ મોટું કન્ટ્રીબ્યુશન આ ફંડ માટે આપવામાં આવે છે જેનો મોટો લાભ સમાજના વિદ્યાર્થી જગતને મળી રહ્યો છે.

શ્રી.અશોકભાઇ સાર્વજનિક બનાવવાનું કારણ આપતાં જણાવે છે કે સમાજ કે રાષ્ટ્ર નો કોઇ પણ વિદ્યાર્થી ભણીને હોંશીયાર ડોક્ટર, એન્જીનીયર, બ્યુરોક્રેટસ (IAS) વિ., શિક્ષણશાસ્ત્રી કે **ડો. આંબેડકર જેવો lawyers** બનશે તો આપણને સર્વને તેનો લાભ મળવાનો જ છે.

**શ્રી. કૌશિકભાઇ મહેતા** વિદ્યાશ્રી ફંડ ની ઉજવણી સમયે બોલતાં જણાવેલ કે ''સી.એસ.આર.' નું ફંડ લેવા તો ઘણાં-બધાં આવતા હોય છે પરંતુ સમાજના વિદ્યાર્થીઓને મોટા લાભ મળે છે તેથી આ માટે મોટું ફંડ સંઘ-મહાસંઘ ને આપીએ છીએ.''

**આ દાનરાશી માત-પિતા શ્રીમતિ શકરીબેન સોમચંદ મહેતા ની યાદગીરીમાં સમર્પિત છે.**

મહાસંઘના ઊ.ગુ.ઝોન અંતર્ગત અમદાવાદ ખાતે **'સ્ટુડન્ટસ રીડીંગ રૂમ'** માટે પણ તેમની ફર્મ થી **મોટું કન્ટ્રીબ્યુશન** કરેલ છે.

**ખૂબ-ખૂબ આભાર સાથે ધન્યવાદ !**

લિ.

નવનિત શાહ (ગવર્નર) ભરત એ. શાહ (શિક્ષણ કે. મંત્રી) હરેશ કોટડીયા (ચીફ કે. મંત્રી)

**આ ફંડના ફોર્મ માટે કાર્યાલયમાં સંપર્ક કરવો**

૩૦મી પુણ્યતિથીની ચિરસ્મૃતિમાં

# ભાવભરી વિનમ્ર હાર્દિક શ્રધ્ધાંજલિ



સલાલવાળા
(મૂળ વતન : બેરણા)

સ્વર્ગવાસ તારીખ :
૩૧-૦૫-૧૯૯૬

## સ્વ. બાબુલાલ કચરાલાલ કોટડીયા

સમય સતત સરકતો જાય છે. રહી જાય છે ફક્ત સ્મૃતિઓ
સંયોગ - વિયોગ નિશ્ચિત છે
તમારો અપાર સ્નેહ - લાગણી - ભાવનાઓ - નીડર સ્વભાવ
મુનિભક્તિ - ધર્મપરાયણતા - સમાજસેવા - બુલંદ અવાજ
હજુ પણ સદાય ગુંજાયમાન છે અમારા મનમાં....
આપશ્રી આ દુનિયામાં ભલે ન હો છતાં સ્થૂલસ્વરૂપે
તમારૂ અસ્તિત્વ સદાય અમર છે

પ્રભુ આપના દિવ્યઆત્માને પરમ શાંતિ અર્પે એ જ અમારા સૌની હૃદયપૂર્વકની પ્રાર્થના....

❖ અમો સૌ આપના સદાય ઋણી સ્વજનો ❖

સ્વ. ચંદનબેન બાબુલાલ કોટડીયા
પ્રદીપ કોટડીયા - અરૂણ કોટડીયા

આશાબેન પ્રદીપભાઈ કોટડીયા
મંજુલાબેન મનુલાલ ગાંધી
ઝલક - કુશાનકુમાર
જુહી - કુશાનકુમાર
માનીત - જીયાંશ - આહાન

પારૂલબેન અરૂણભાઈ કોટડીયા
સ્વ. રંજનબેન યોગેશકુમાર દોશી
મીમાંશા નિકેત કોટડીયા
મીત્સુ જીનેશ કોટડીયા
નમ્ય-કવિત-અવિશી કોટડીયા

**સમસ્ત કોટડીયા પરિવાર**

હાર્દિક અભિનંદન

## ગૌરવ મહેતા (દુબઈ) નું કુલ રૂા.૧૦ લાખ + નું દાન

હાર્દિક અભિનંદન

### મોજ-શોખ માટે અથવા ભવિષ્યની ચિંતા કરી કરીને પરિગ્રહની સીમા વટાવી દે તેવા કળિયુગના સમયમાં 'યુવા' જ્યારે ખોબલે-ખોબલે પોતાની અંગત કમાઈનું કેળવણી હેતુ દાન કરે તે ઐતિહાસિક અને યાદગાર પાત્ર બને છે



દુબઈ ખાતે મલ્ટીનેશનલ કંપનીમાં જોબ કરી રહેલ 'યુવા' **મહેતા ગૌરવ સુરેશકુમાર** **વિદ્યાશ્રી ફંડ ટ્રસ્ટ**ની સ્થાપના સંઘ-મહાસંઘ અંતર્ગત રૂા. ૨,૫૫,૫૫૫/- થી અંદાજે ૩ કે ૪ વર્ષ અગાઉ કરેલ હતી. ત્યાર પછી '૪' જુન ૨૦૨૩ માં વિદ્યાશ્રી ફંડ ના ૩૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે, મુંબઈના ચર્ચગેટ ખાતે 'ઇન્ડિયન મર્ચંટ ચેંબર' માં ઉજવણી કરવા સમયે સ્વયંભૂ દાન-દાતાઓએ ઉદારતા બતાવતાં અંદાજે ૪૨-૪૫ લાખની રકમ ના વચન મળ્યા.... તે સમયે તો ઉજવણી કાર્યક્રમમાં, દુબઈ હોવાના કારણે, તેઓની ઉપસ્થિતિ ન હોતી. પરંતુ કમિટીએ નિર્ણય કર્યો કે ઉજવણી એક દિવસની નહીં પણ આખા વર્ષની હોવી જોઈએ. આ નિર્ણય ને અનુરૂપ તથા ત્યાર બાદના એક કરોડ રૂપિયા વિદ્યાશ્રી ફંડમાં એકઠા કરવા ના ઠરાવના અનુસાર વિદ્યાશ્રી ફંડના સ્થાપક દાતાઓ તથા સમાજના અન્ય સુખી વર્ગને વિદ્યાશ્રી ફંડનું સાહિત્ય મોકલવામાં આવ્યું તથા વિદ્યાશ્રી ડોનર્સ વોટસ-અપ ગ્રુપમાં મૂકવામાં આવ્યું તે અમારી અપિલ નો પ્રતિસાદ આપતા તા.૧૫/૩/૨૦૨૫ (દાન દાતા ના એવોર્ડ સહિત સન્માનના પ્રોગ્રામ સુધીમાં ગૌરવ મહેતાએ રૂપિયા 'છ' લાખ ની રકમ ક્રોસ કરી નાખી. સ્કીમ તારીખ ૩૧/૩/૨૦૨૬ થી બંધ કર્યા બાદ ના તો કોઈની પાસે માંગણી કરવી **કે** અપિલ કરવી તેવો મૌખિક અમોએ નિર્ણય કરેલ હતો....

### આશ્ચર્ય હવે સર્જાયુ !

માર્ચ-૨૦૨૬ માસમાં એક-એક લાખ કરી ચાર વખત સંસ્થાના બેન્ક એકાઉન્ટમાં RTGS કરી રૂા.૪,૦૦,૦૦૦/- (રૂપિયા ચાર લાખ) વધારાના **સ્વયંસ્ફુરણા** થી **સ્વયંભૂ** અને **સ્વૈચ્છિક**પણે જમા કરાવડાવ્યા. જ્યારે અમોએ તા.૩૧/૩/૨૦૨૬ ના વિદ્યાશ્રી ફંડના હિસાબો તૈયાર કર્યા (જે ગ્રુપમાં મૂકેલ છે) ત્યારે અમોને આશ્ચર્ય થયું કે વિના માગણી-સ્વયંભૂ **શ્રી.ગૌરવ મહેતા** ના વિદ્યાશ્રી ફંડમાં રૂપિયા દસ લાખ + ક્રોસ કરી ગયેલ છે.

હજુ જે **યુવાન** ને **ચાલીસ** વર્ષ પણ હમણાં થાય છે તેવો **યુવાન** પોતાની અંગત કમાઈ (માત્ર પગારની) તેમાંથી **સમાજના વિદ્યાર્થીઓને કેળવણી મળી રહે તેવી ભાવનાથી સ્વૈચ્છિક દાન કરે** તે અમારા માટે આશ્ચર્ય બનેલ છે જેથી સમાજ સુધી શેર (share) કરવાની ભાવના અમારી થઈ.... આવા **યુવાનની કદરદાની કરી લાખ-લાખ ધન્યવાદ** આપી બિરદાવી હાર્દિક અભિનંદન આપીએ છીએ.... તપાસ કરતાં તે પણ જાણવા મળ્યું કે કુટુંબ સદસ્યોનાં પણ કંઈ જરૂરિયાત હોય તો ત્યાં બેઠાં-બેઠાં સમાચાર મળતાં સ્વૈચ્છિક સહાય કરે છે.... **આવા ગૌરવશીલ યુવાન 'ગૌરવ' માટે અભિમાન ન થાય અને મનોમન દરેકને અભિનંદન આપવાની ઈચ્છા ન થાય તો જ આશ્ચર્ય !**

**પરિચય :** પિતા મહેતા સુરેશચંદ્ર અને માતા નિતાના આજની તારીખ માં આવા નામ રોશન કરનાર પુત્ર માટે **અભિનંદન** ની વર્ષા પછી પરિચય પ્રાપ્ત કરીએ. જેમનો જન્મ તા.૩૦/૫/૧૯૮૬. અભ્યાસમાં સામાન્ય તેથી ૧૨માં સાયંસ પછી B.Sc., (Biomedical) કરવાનું પસંદ કર્યુ જે કોર્સના બે વર્ષ ઇન્ડિયામાં કરી ત્રીજા વર્ષ માટે લંડન જવાનું બન્યું અને ત્યાંજ B.Sc., (Biomedical) London કર્યું. લંડન માટે Analytical Chemical માં M.Sc. કિંગસ્ટન યુનિવર્સિટીમાં કર્યું. ત્યાર બાદ સર્વપ્રથમ Proctor & Gamble (London) માં ૨૦૦૮ થી ૨૦૧૦ અને Church & Dwight (London) માં ૨૦૧૦ થી ૨૦૧૧ અને અંતે વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭ Reckit Ltd., U.K. અને થાયલેન્ડ અને વર્ષ ૨૦૧૮-૧૯ માં ઇન્ડિયામાં, વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ સાઉથ આફ્રિકા અને ૨૦૨૧ થી તેજ કંપનીમાં દુબઈ ખાતે જોબ કરી રહ્યા છે (વર્તમાનમાં પણ). શરૂઆત NPD Reasercher, ત્યાર બાદ Quality Engineer ત્યાર બાદ R & D Quality Associate અને વર્ષ ૨૦૧૮ થી તેઓ Regional Compliance Manager સેવા આપી રહ્યા છે. તેમને સંતાનમાં એક **પુત્રી** છે અને તેમના ધર્મપત્ની **અવધિબેન** ઇડરની બાજુમાં ગોરલ ગામના (હાલ ગોરેગાંવ) સ્વ.ચેતનભાઈ માણીલાલ શાહની દિકરી છે. પિતા યુવા વયે પ્રેક્ટીસ છોડી **આચાર્યશ્રી વિદ્યાસાગરજી** મહારાજના પ્રભાવથી સંયમ માર્ગ તરફ (ગૃહસ્થ અવસ્થામાં રહી) પ્રયાણ કરેલ છે. આમ માત-પિતા નો ધાર્મિક વારસો તેમના માં હશે તેથી આ રીતે **'કેળવણી' પણ એક 'ધર્મ' જ છે** તેમાં તેમને દાન કરવાના ભાવ બનેલ છે તે ધન્યવાદ ને અભિનંદન ને પાત્ર છે.

લિ. **નવનિત શાહ** (ગવર્નર), **હરેશ કોટડીયા** (ચીફ કેબિનેટ મંત્રી) **હરેશ દોશી** (વિદ્યાશ્રી ફંડ ઇનચાર્જ)



## આ અંક પ્રત્યે મારો અભિપ્રાય...

- લોકાધારના સૂત્રધારોની આ અતિપ્રશંસનીય, સુકાર્ય માટે.... નતમસ્તક વંદન
- આ અંકમાં, નારી શક્તિને ઉજાગર કરતી બે સત્ય ઘટનાઓ - પ્રેરણાદાયક અને મનોબળને મજબૂત કરનારી છે.
- આ અંકમાં આપેલી માહિતીથી જાણી શકાય છે કે આપણા આ મહાસંઘે શૈક્ષણિક કાર્યને પ્રાધાન્ય આપી, આર્થિક સહાય અને સ્કોલરશીપ માટે ભગીરથ કાર્ય કરેલ છે....
- જે માટે સતત કાર્યશીલ રહેતા મિત્રવર્ય અશોકભાઈ મહેતાને.... તેમના પ્રયત્નોને સહૃદયી અભિનંદન.... વંદન સાથે
- આ ઉત્તમ કાર્યથી, સમાજના વિદ્યાર્થી તથા વાલીઓનો આર્થિક પડકાર ઉકેલાઈ ગયો છે જ. હવે સમાજના વિદ્યાર્થીઓ એ ઉચ્ચ કેળવણી મેળવી....
- પોતાના સુસુપ્ત મનોબળ ને જગાડી, કુટુંબને, સમાજને, મહાસંઘને ભવિષ્યમાં ન ભૂલે તેવી આશા-પ્રાર્થના

- પ્રિન્સી ડી. સી. ગાંધી
(ખ્યાતનામ ભવન્સ કોલેજ, અમદાવાદ થી નિવૃત્ત થયા છે)

# ગુજરાતી દિગમ્બર જૈન સમાજ મહાસંઘ
## (શ્રી જૈન યુવા સંઘ)
### દક્ષિણ ગુજરાત ઝોન દ્વારા આયોજીત

## ૧૪ મો જીવનસાથી પરિચય સંમેલન-૨૦૨૬

ડિજીટલ યુગનું ઓનલાઈન જીવનસાથી પરિચય સંમેલન ખર્ચાળ પરિચય સમ્મેલનની એકદમ અલગ અને સરળ પ્લેટફોર્મ.
હવે સામાન્ય વહીવટી ખર્ચમાં, ઘરે બેઠા વિશ્વાસપૂર્વક અને સુવિધાજક રીતે તમારા જીવનસાથી ની પસંદગી કરો.

**વિશ્વભના સમસ્ત દિગમ્બર જૈન ઉમેદવારો આ સંમેલનમાં આમંત્રિત છે**

**ઓનલાઈન નોંધણી માટે નીચેની લિંક પર ક્લિક અથવા કોડ સ્કેન કરો.**

https://matchmaking.azentify.com/

વધુ જાણકારી માટે
પ્રોગ્રામ કન્વીનર હિરેન ચુડાવાલા નો સંપર્ક કરવો : ૯૯૯૮૨ ૨૦૧૫૩, ૯૪૨૬૧ ૩૪૪૪૪

| અધ્યક્ષશ્રી | ચાન્સેલરશ્રી | ગવર્નર | ડેપ્યુટી ગવર્નર |
|---|---|---|---|
| શ્રી.રમેશભાઈ શાહ | શ્રી.રાજેશભાઈ દોશી | શ્રી.કમલેશભાઈ ગાંધી | શ્રી.મનીષભાઈ પાનવાલા |

| એડીશનલ ડે.ગવર્નર | મહામંત્રી | ખજાનચી | સુરત ડિવિઝન પ્રમુખ | મહુવા ડિવિઝન પ્રમુખ | મહિલા વિંગ-સુરત પ્રમુખ |
|---|---|---|---|---|---|
| શ્રી.જનકરાય શાહ | શ્રી.કમલેશભાઈ શાહ | શ્રી.અશોકકુમાર શાહ | શ્રી.મનોજભાઈ શાહ | શ્રી.અતુલભાઈ શાહ | શ્રીમતી શ્વેતા ચુડાવાલા |

## ભગવાન મહાવીર જન્મ કલ્યાણક ના ઉપલક્ષ્યમાં માં
### દક્ષિણ ગુજરાત ઝોન અંતર્ગત કાંચીમન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજીત

**ફુલ બોડી ચેક અપ કેમ્પ** — **તા. ૨૯/૩/૨૬, રવિવાર**



કાંચીમન ચેરીટેબલ ટ્રસ્ટ ના ટ્રસ્ટી ધર્મેશ, ઋષભા શાહ એવં કમલેશ ગાંધી તથા સંસ્થાના પદાધિકારીઓ



કેમ્પ માં ૧૭૫ વ્યક્તિએ ભાગ લીધો









પાપ એક પ્રકારનો અંધકાર છે જે જ્ઞાનનો પ્રકાશ થતાં જ દૂર થઈ જાય છે

# સેલ્યુટ સાચી ગ્રામ શિક્ષિકા દર્શનાને.....

**તંત્રી નોંધ : શિક્ષણ મેળવવાથી શું થાય**

**શિક્ષિકા દર્શનાનો જ જવાબ :** શિક્ષણ મેળવવાથી સારા વિચારોનું સર્જન થાય, જીવનમાં આગળ વધાય, સારી નોકરીઓ મળે, તમે તમારા જીવનમાં આવતી મુશ્કેલીઓનો પધ્ધતિસર સામનો કરી શકાય વિ.વિ.

**શિક્ષકો તથા માત-પિતાને વિનંતી :** શિક્ષિકા દર્શના ની સત્ય હકિકત અત્રે આપવામાં આવેલ છે તેને અવશ્ય વાંચનમાં લેશો. ભારતમાં જ **ઝાંસી ની રાણી લક્ષ્મીબાઇએ** જન્મ લીધો ત્યાં વિવિધ ક્ષેત્રે **'રાણી'** ના **'પડછાયા'** ને ઝીલતી વિરાંગનાના દર્શન થાય તો અવશ્ય તેની કદર કરવાના ભાવ આવે. આમાંથી તમારી **'બેટી'** જે **'રાણી'** નું નાનું સ્વરૂપ જ છે તેને બચપણ થી જ આવા પાઠ ભણાવશો તો સંઘ-મહાસંઘ ના કર્મનિષ્ઠ કાર્યકરોની સેવા લેખે લાગશે. **- C.A. અશોક મહેતા**, સલાહકાર તંત્રી

'દર્શના' ની કહાની વાંચો અને વિચારો

સાંપ્રત ભારતીય સમાજમાં, શિક્ષણક્ષેત્ર માટે એવી છાપ ઊભી થઈ છે કે, આ ક્ષેત્રની ગુણવત્તા ઘટી રહી છે અને સારા અને સાચા શિક્ષણકોની અભાવ જણાય છે. પરંતુ આ વાત સદંતર ખોટી છે. આપણામાં કહેવત છે ને, લાકો નિરાશામાં એક અમર સાચા છુપાયેલી છે એ કહેવત સાચી છે, આજે પણ શિક્ષણને સર્મપીત સાચા અને સારા શિક્ષકો છે. જે ફક્ત બાળકોના શિક્ષણ વિષે જ વિચારે છે અને આ જીવન શિક્ષણક્ષેત્રને સમર્પિત કરે છે.

આજે વાત કરવી છે, આવી જ એક સાચી અને શિક્ષણને સર્મપીત ગ્રામ્ય શિક્ષિકાની. જેણે એક ઝૂંપડી જેવી તુટલીફૂટલી શાળાના નાના મકાનમાંથી, અનેક સંઘર્ષના પડકારો ઝીલી મોટી શાળા ઊભી કરી.



દર્શના ચૌધરી

આ શિક્ષિકાનું નામ છે, દર્શના ચૌધરી તેણે રાજસ્થાનના અંતરિયાળ ગામડા કટાલીપુરમાં આ ભગીરથ કાર્ય કર્યુ. દર્શનાબહેનના શબ્દોમાં જ જોઈએ..

''હું પ્રથમ જ્યારે કટાલીપુરમાં આવી ત્યારે, શાળાનું મકાન સાવ ઝૂંપડી જેવું તુટલું ફૂટલું હતું. એ દિવસો ચોમાસાની ઋતુના હતા. આથી શાળાની ગલીની આસપાસ કાદવ-કીચડ અને પાણી ભરાયેલા હતા. શાળા સુધી પહોંચવું હોય તો, આ કાદવ કીચડમાં પથરા મૂકી રસ્તો કરી જવું પડે તેવું હતું.''

મને મારી અત્યાર સુધીની જિંદગી યાદ આવી ગઈ. જાણે શાળાનો રસ્તો અને મારી જિંદગીનો રસ્તો સમાન હતો. મારા શરૂઆતના જીવનમાં છોકરી કરીકે ભણવા માટે, આર્થિક રીતે, સામાજીક રીતે ઘણા મુશ્કેલીના પથ્થરો આવ્યા હતા. પરંતુ આ મુશ્કેલીના રસ્તા પર સમજણના પથરા મૂકી હું ચાલી અને સફળ થઈ. બે વિષય સાથે, બે વાર સ્નાતક થઈ અને બી.એડ (શિક્ષક બનવા માટે જરૂરી) ની ડીગ્રી પણ લીધી.

બસ એ જ રીતે આ શાળા માટે પણ હું કીચ્ચડમાં પથરા મૂકી રસ્તો કરી શાળા સુધી પહોંચીશ અને હિમ્મતના પથ્થરો ગોઠવી શાળામાં વર્ગો વધારી બાળકોને જ્ઞાનનો પ્રકાશ આપીશ.

આ સાચી અને સમર્પિત ગ્રામ શિક્ષિકાના સઘન પ્રયત્નોની વાત તેના શબ્દોમાં જોઈ, હવે વિસ્તારથી દર્શના ચૌધરીના જીવન અને શાળાના સંઘર્ષ અને સફળતાની કહાની પર ફોકસ કરીએ.

દર્શનાનો જન્મ હરિયાણાના નાના ગામમાં, ખેડૂત પરિવારમાં થયો હતો. સ્થિતિ ખૂબ સાધારણ. ઉપરાંત ગામના લોકો જૂનવાણી વિચારના, શિક્ષણ પ્રત્યે સાવ નકારાત્મક અભિગમ. એમાં છોકરીઓને તો માંડ આઠમા દસમાં સુધી ભણાવે, પછી ઉઠાડી મૂકે. છોકરીઓ ભણે તો સ્વતંત્ર ને સ્વચ્છંદી બની જાય, તેમના સમાજમાં લગ્ન ન થાય માટે ગૃહકાર્યમાં પલોટી દેવાની અને પરણાવી દેવાની. આ ગામ લોકોની માન્યતા.

દર્શનાએ નાનપણથી નક્કી કર્યુ હતું કે, હું આ જૂનવાણી વિચારને તાબે નહીં થઉં. હું ભણીશ અને બાળકોને ભણાવીશ. દર્શનાના ગામમાં ધોરણ દસ સુધી જ શાળા હતી. પછી ૧૮ કિ. મી કોલેજ દૂર હતી. એટલે દસમું ભણી લીધા પછી ઘરનાની એજ દલીલો કે આગળ ભણવાની જરૂર નથી. સામાજીક પરંપરા પ્રમાણે ગૃહકાર્યમાં જોડાઈ જાવ. વગેરે, વગેરે.

દર્શનાએ નાનપણથી નક્કી કર્યા પ્રમાણે તે આ જૂનવાણી વિચારોને તાબે ના થઈ. અગિયારમાંથી કોલેજ સુધી તેણે ઘેર ભણી, એક્ષટર્નલ (બહાર રહીને) વિદ્યાર્થી તરીકે ફોર્મ ભરી પરીક્ષા આપવાનું નક્કી કર્યું. કોઈ ક્લાસ નહીં, કોઈ શાળા કે કોલેજ નહીં, કોઈ માર્ગદર્શન નહીં, શિક્ષક કે પ્રોફેસર નહીં, ફક્ત ઘેર ભણી પરીક્ષા આપવા કોલેજમાં જવાનું. દર્શનાની કાકાની દીકરી લખનૌ પ્રોફેસર છે. તેમણે દર્શનાને ફોર્મ ભરવામાં, ભણાવવામાં મદદ કરી, બાકી દર્શના જાતે ભણી. ફી વગેરે આર્થિક ખર્ચો પણ જાતે ગોઠવણ કરી. બે વિષય પોલીટીકલ સાયન્સ અને અંગ્રેજીમાં ડબલ ગ્રેજ્યુએટ થઈ પછી યુનિવર્સિટીમાં જઈ બી.એડ. કર્યું.

આ તેના સંઘર્ષ અને સઘન પ્રયત્નો માટે તેનું કહેવું છે કે, મારે ગામની દીકરીઓ અને વાલીવર્ગ સામે સાબિત કરવું હતું કે, આ ખોટી માન્યતાઓ અને જૂનવાણી વિચારોની બેડીઓ તૂટવી જ જોઈએ. અને મે તોડી બતાવી.

આ પછી દર્શનાના લગ્ન થયા અને તે રાજસ્થાન આવી. પતિ સીકરમાં, નાનો વ્યાપાર કરતા હતા ત્યાં ચાલુ સારી શાળામાં નોકરી કરી, થોડા સમય માટે. પરંતુ તેનું સ્વપ્ન તો કોઈ નાના ગામમાં શાળા ઊભી કરી અને બાળકોને જ્ઞાનનો પ્રકાશ આપવો હતો.

અને તેનું આ જીવન શિક્ષણને સમર્પિત રહેવાનું સ્વપ્ન પૂરું થયું અને તેને સરકારી શાળામાં શિક્ષિકાની નોકરી મલી અને તેણીનું પોસ્ટીંગ કટાલીપુરમાં થયું. અહીં દર્શનાએ આગળ જણાવ્યું તે પ્રમાણે શાળાની પરિસ્થિતિ જોઈ.

એક તૂટલાફૂટલા વર્ગમાં શાળા ચાલતી. જ્યાં ચોમાસામાં જવું પણ મુશ્કેલ હતું. ફક્ત ૧૭ છોકરાઓ જ આવતા, તે પણ અનિયમિત, જ્યારે બપોરનું ભોજન મળે ત્યારે જ. આ ૧૭ માં એકપણ છોકરી નહિ.

દર્શનાએ પ્રથમ જે ક્લાસરૂમ હતો તે સરકાર અન્યની મદદથી સરખો કર્યો અને બીજો ક્લાસરૂમ બાંધ્યો અને ગામમાં બાળકોને શાળાએ આવવા સંદેશાઓ મોકલ્યા.

પણ પરિણામ લગભગ શૂન્ય. ખાસ કોઈ વિદ્યાર્થીઓ દેખાયા નહિ. એ જ ૧૭ વિદ્યાર્થી ને બીજા થોડા ઊમેરાયા, જેમાં એકપણ વિદ્યાર્થીની નહીં. દર્શના કંઈ હારે તેમ નહોતી. તેણીએ પડકાર ઝીલ્યો અને વિચાર્યું કે પહેલા ગ્રામ્ય કુટુંબોનો દ્રષ્ટિકોણ બદલવો પડશે.

આથી તેણે ઘેર ઘેર જવાનું શરૂ કર્યું, અને વાલીઓને મળવાનું શરૂ કર્યું, શરૂઆતમાં દર્શના ચૌધરીને ઘણી તકલીફ પડી. ગામના આ વાલીઓને શિક્ષણ શું એજ ખબર ન હતી. તેઓ એક જ દલીલ કરતા, ભણવાથી શું મળે? અને ખાસ કરીને છોકરીઓને? **દર્શના સામે દલીલ કરતી, શિક્ષણ મેળવવાથી સારા વિચારોનું સર્જન થાય, જીવનમાં આગળ વધાય, સારી નોકરીઓ મળે, તમે તમારા જીવનમાં આવતી મુશ્કેલીઓનો પદ્ધતિસર સામનો કરી શકો, વગેરે વગેરે.**

આખરે ઘણા વિદ્યાર્થીઓ આ સમજાવટ પછી આવતા થયા. દર્શના સવારના સાતથી સાંજના સાત સુધી કામ કરે છે. શરૂઆતમાં સંપૂર્ણ ન આવડતા બાળકો, પછી બપોરે થોડું આવડતા બાળકો અને સાંજે હોશિયાર વિદ્યાર્થી. ધીરે ધીરે બાળકોને રમતો શીખવાડતા ભણાવે છે. લેસન આપે છે, અને અન્ય ઈતરપ્રવૃત્તિઓ કરાવે છે. આજે કટાલીપુરમાં, ધોરણ ૧ થી ૮ સુધીની શાળા થઈ ચુકી છે. ૬ વર્ગો છે અને કુલ દસ શિક્ષકો છે. દર્શના ચૌધરીએ આગળ ધોરણો વધારવાની પરવાનગી મેળવી છે.

દર્શના ચૌધરીનું કહેવું છે, જેને સાચા હૃદયથી સેવા જ કરવી છે, તેને માટે નાનું ગામ કે શહેર જરૂરી નથી. અંતરમાં સેવાનો દીપક જલતો હોવો જરૂરી છે.

સેલ્યુટ સાચી ગ્રામ શિક્ષકાને !

• 'ગુ.સ.'થી આભાર

## સંઘ-મહાસંઘ, દાનરાશી-મહારાષ્ટ્ર ઝોન

| રસીદ નં. | નામ | સ્થળ | રકમ |
|---|---|---|---|
| ૧૪૪૫ | **કોટડીયા પંકજકુમાર મીઠાલાલ**, બેરણા<br>(સુપુત્ર 'ચિ.ઈશીત' ના સગાઈ પ્રસંગે) | અમદાવાદ | રૂ. ૫૦૦/- |
| ૧૪૪૬ | **સંઘવી વિમલકુમાર રમણલાલ**, સીનવાડા<br>(સુપુત્રી 'ચિ.ખુશ્બુ' ની સગાઈ પ્રસંગે) | તલોદ | રૂ. ૫૦૦/- |

# બઢતી લૌકિક શિક્ષા-ઘટતે ધાર્મિક સંસ્કાર

પ્રત્યેક પરિવાર મેં બ્રહ્મમુહૂર્ત મેં યદિ કોઈ આવાજ સુનાઈ દેતી હૈ તો વહ હૈ 'બચ્ચે! ઉઠો! હોમવર્ક નહીં કરના ક્યા? સ્કૂલ કે લિયે તૈયાર નહીં હોના ક્યા? ફટાફટ ઉઠો, તૈયાર હોકર સ્કૂલ જાઓ/ભાગો.'' બાલકોં કે ઉઠને સે લેકર સોને તક કી દિનચર્યા મેં ઉઠના, મંજન-બ્રશ કરના, સ્નાન કરના, દૂધ પીના, નાશ્તા કરના, વિદ્યાલય જાના, ટ્યૂશન/કોચિંગ જાના, ગૃહકાર્ય કરના, ભોજન કરના, થોડા-બહુત ખેલના ઔર સો જાના, બસ, અત્યન્ત વ્યસ્ત ઔર વ્યવસ્થિત દિનચર્યા દ્વારા બાલક વિદ્યાલયોં મેં ૯૦ સે ૯૯ પ્રતિશત તક અંક લાકર વિદ્યાલય/રાજ્ય/દેશ મેં પ્રથમ સ્થાન કૈસે પ્રાપ્ત કરે, ઈસકા હી પ્રયાસ કિયા જા રહા હૈ. યહાં તક કિ બાલકોં કે સાથ-સાથ ઉનકે પાઠ્યક્રમ કો માતા-પિતા ભી પઢ રહે હૈં, તાકિ અચ્છે અભિભાવકોં (?) કી ભાંતિ આવશ્યકતા પડને પર બાલકોં કો ઉનકા વિષય સમઝા સકેં. બચ્ચા કૈસે ભી હો, કિસી સે પીછે નહીં રહના ચાહિયે.

બાલકોં કો પ્રથમ લાને/રખને કી ચાહ ને બાલકોં સહિત માતા-પિતા કો 'રેસ કા ઘોડા' બના દિયા હૈ. જહાં તેજ ઔર તેજ દૌડને કી પ્રતિસ્પર્ધા મેં કુછ બાલક પ્રથમ આકર સપરિવાર અહંકાર કે શિખર પર સ્થાપિત હો જાતે હૈં એવં કુછ પ્રથમ ન આ પાને કે કારણ અવસાદ રોગ સે હી ગ્રસ્ત નહીં હો જાતે હૈં બલ્કિ કુછ બાલક તો આત્મહત્યા જૈસા પાપ કરકે માતા-પિતા કો જીવન ભર પછતાને કે લિયે છોડ જાતે હૈં.

ચતુર્દિક્ યદિ દૃષ્ટિપાત કિયા જાયે તો ઈસી દિનચર્યા વ માનસિકતા સે ઓત-પ્રોત પરિવાર દૃષ્ટિગત હોતે હૈં. સોને સે પહલે યા ઉઠને કે બાદ ણમોકાર મંત્ર કા સ્મરણ, પ્રતિદિન દેવદર્શન, અભિવાદન મેં જયજિનેન્દ્ર, બડો કો પ્રણામ/ચરણ સ્પર્શ, છને પાની કા પ્રયોગ, રાત્રિભોજન કા નિષેધ આદિ જૈસે સામાન્ય ધાર્મિક સંસ્કારોં સે રહિત મેરા બેટા/બેટી ચિકિત્સક, અભિયંતા, કુશલ પ્રબંધ યા અન્ય કોઈ ઉચ્ચ શિક્ષા પ્રાપ્ત કર નગર સે દૂરસ્થ મહાવિદ્યાલયોં યા સંભવ હો તો વિદેશ કે વિશ્વવિદ્યાલયોં મેં અધ્યયન કરે, ઢેર સારા ધન એકત્ર કરે; યહી ચિંતન રાત-દિન પ્રત્યેક માતા-પિતા કા ચલ રહા હૈ, યહાં તક પ્રગતિ હો રહી હૈ કિ જબ સંતાન ગર્ભ મેં હો યા જન્મ હો તભી સે ઉસે ક્યા પઢના/ક્યા બનાના કી ચર્ચાયેં વ ઈસી કે સ્વપ્ન દેખે જાને લગે હૈં; તભી તો સંતાને ભી અભિમન્યુ બનકર ઉન માતા-પિતા કે સ્વપ્નોં કો સાકાર કરને મેં અપને જીવન કો સમર્પિત કર વિશ્વ કી ઈસ મહાન પ્રતિયોગિતા કા પ્રતિયોગી બના દેતી હૈં. પરન્તુ ઈસ પ્રતિયોગિતા કે ચક્રવ્યૂહ સે નિકલને કા માર્ગ તો માતા-પિતા ભી નહીં જાનતે અતઃ વે લોભવશ અપને બાલકોં કો ભયંકર ચક્રવ્યૂહ મેં ફંસા તો દેતે હૈં પરન્તુ અંતતઃ વે સ્વયં ઔર અપની પ્યારી-પ્યારી સંતાનોં કો આકુલિત હોતે હુએ દેખતે રહ જાતે હૈં. વે બાલક-બાલિકાએ ઉસ ચક્રવ્યૂહ મેં ફંસકર ધન કે ઢેર મેં દબકર જીવન કે સંધ્યાકાલ મેં આકુલિત-વ્યાકુલિત હોકર ધર્મ-પિતા દેવાધિદેવ એવં ધર્મ-માતા જિનવાણી સે તો દૂર રહતે હી હૈં યહાં તક કિ વે અપને જન્મદાત્રી માતા-પિતા સે ભી દૂર અપને જીવન કી ઈતિશ્રી કર રહે હૈં/કરેંગે.

એક ઔર લૌકિક શિક્ષા કા બઢતા પ્રભાવ દીખ રહા હૈ વહીં દૂસરી ઓર દેવદર્શન/પૂજન સ્વાધ્યાય, રાત્રિ-ભોજન ત્યાગ, માતા-પિતા, સમાજ-દેશ કે પ્રતિ દાયિત્વ, સદાચારમય જીવન કે સંસ્કારોં સે દૂર હોતી યુવા પીઢી બુજુર્ગોં કે લિયે ચિન્તા કા વિષય બન રહી હૈ. પરન્તુ ક્યા વાસ્તવ મેં ઉન બુજુર્ગોં કો યહ ચિન્તા કરને કા અધિકાર હૈ? ક્યા યહ વિષવૃક્ષ ઉન્હીં કી ઈચ્છાપૂર્તિ વ માનપૂર્તિ કે બીજારોપણ કે કારણ નહીં હૈ? યદિ ઉન્હોંને બચપન સે હી સંસ્કાર દિયે હોતે તો આજ પછતાને કી નૌબત હી નહીં આતી.

ધર્માચરણ રહિત જીવન, જીવન નહીં હૈ. જિસ શિક્ષા મેં સ્વધર્મ કે પ્રતિ ગૌરવ નહીં હૈ ઉસે જાનને/સમઝને કી જિજ્ઞાસા નહીં હૈ, ઐસી શિક્ષા કિતની ભી ઉપાધિયાં/પદક/પદ દિલાયે પર આકુલતા કો મિટાને મેં સક્ષમ નહીં હૈ; ઉસ શિક્ષા સે સમૃદ્ધિ આ સકતી હૈ, સંતુષ્ટિ/શાન્તિ નહીં.

અતઃ સમઝદાર માતા-પિતા, બાલકોં કે રિશ્તેદારોં, ભાઈ-બહિનોં કો ઈસ ગલાકાટ વ ટાંગતોડ પ્રતિસ્પર્ધા કે દૌર મેં ભી પરિવાર મેં સામૂહિક રૂપ સે દેવ-શાસ્ત્ર-ગુરૂ સમ્બંધી જાનકારી, પંચનમસ્કાર મંત્ર આદિ કા સ્મરણ, બારહ ભાવના, વૈરાગ્ય પાઠ, આલોચના પાઠ આદિ કે પાઠ કરને એવં સમયાનુકૂલ વ રૂચિ કે અનુકૂલ સ્વાધ્યાય કરને, શિબિરોં મેં જાને કા ક્રમ કિસી ભી કીમત પર બનાના ચાહિયે તાકિ શાન્તિ સે રહને/જીને કે સંસ્કાર મિલ સકેં. અપને કર્મોદય સે હી સુખ-દુઃખ પ્રાપ્ત હોતે હૈં યહ જાન સકેં અન્યથા હમ સ્વયં કે બનાયે ચક્રવ્યૂહ મેં ફંસકર અન્તતઃ પછતાયેંગે કિ કાશ! ઈસ ચક્રવ્યૂહ સે નિકલને કા માર્ગ ભી જાન લિયા હોતા.

- પં. રાજકુમાર જૈન શાસ્ત્રી

('બઢતે ભગવાન.... ઘટતે ભક્ત' પુસ્તકમાંથી સાભાર)

**C.A. Shri Ashwin Doshi has compiled this article...... Thanks**



॥ श्री वर्धमानाय नमः ॥

# श्री महावीर पुराण

By પ.પૂ.આચાર્ય સકલકીર્તિજી મ.

**તંત્રી નોંધ :** પ.પૂ.પ્રાચીન આચાર્ય સકલકીર્તિજી મહારાજ તરફથી ભગવાન મહાવીર સ્વામીનું જીવન ઝરમર આલેખાયેલ છે. જે **'श्री महावीर पुराण'** તરીકે પ્રકાશિત થયેલ છે. તે ગ્રંથમાંથી આપણે હપ્તાવાર તેના પ્રકરણો આપી રહેલ છીએ. પુરાણમાંથી પ્રથમ પ્રકરણ ગત માર્ચ માસના લોકાધારમાં પ્રકાશીત કરેલ તેનો આ ત્રીજો હપ્તો છે.

## द्वितीय प्रकरण : कथा आरम्भ

इस नगरी का निर्माण इन्द्र ने श्री आदिनाथ तीर्थङ्कर के जन्म के लिए किया था। वह नगरी स्वर्ण, रत्नमय चैत्यालयों से शोभायमान थी अयोध्या में ऐसे ऊँचे-ऊँचे कोट और दरवाजे थे, जिसे शत्रु भी नहीं लांघ सकते थे। उस नगरी की लम्बाई बारह और चौड़ाई नव योजन की थी, जो देवों को बड़ी ही प्रिय थी। इस नगरीर की सुन्दरता का वर्णन वचनों द्वारा नहीं किया जा सकता। यहां के विशाल भवनों में निवास करनेवाले दानी, धर्मात्मा, पुण्य उपार्जन करनेवाले, अत्यन्त धनाढ्य पुरुष थे। उनके गुणों की प्रशंसा करना सूर्य को दीपक दिखाना मात्र है। वे सर्वगुण-सम्पन्न विमानों में देवों के समान और वहां की नारियां देवियों के समान सुखोपभोग करती थीं। जिस अयोध्या में देवगण भी मोक्ष-प्राप्ति के उद्देश्य से जन्म धारण को ललचते हैं, भला ऐसी स्वर्ग-मोक्ष प्रदान करनेवाली नगरी की प्रशंसा यह तुच्छ लेखनी क्या कर सकती है? जिस नगरी का स्वामित्व आदि-धर्म-प्रवर्तक श्री ऋषभदेव के पुत्र राजा भरत के अधिकृत था, जहां भरत चक्री के चरण-कमलों की अकम्पनादि राजा, नमि आदि विद्याधर, मगध आदि देव सदा वन्दना किया करते थे, ऐसे छः खण्ड के स्वामी चरम-शरीरी पुण्यवान को सुख प्रदान करनेवाली धारिणी नाम की पटरानी थी। वह सुन्दरी अपूर्व गुणवती थी। इन दोनों के यहां वह देव (पुरुरवा भील का जीव) स्वर्ग से चय कर अनेक गुणों से सम्पन्न मरीचि नाम का पुत्र उत्पन्न हुआ। वह क्रम से बढ़ने लगा। जब उसकी अवस्था कुछ अधिक हुई तब अनेक शास्त्रों का अध्ययन कर अपने योग्य सम्पत्ति की उपलब्धि कर वनादि में क्रीड़ा रत हुआ।

एक समय की घटना है कि श्री ऋषभदेव को देवांगनाओं के नृत्य देख कर भोगों से सर्वथा विरक्ति उत्पन्न हो गई। वे पालकी में सवार होकर लौकान्तिक देवों को साथ लेकर वन में पहुंचे। उन्होंने वहां जाकर बाह्य ओर आभ्यन्तर दोनों प्रकार के परिग्रहों का त्याग कर मोक्ष-मार्ग-प्रतिपादक तप धारण किया। ठीक उसी समय स्वामीभक्त कच्छ आदि चार सहस्र राजाओं ने नग्न-भेष-रूपी द्रव्य-संयम को धारण किया, किन्त उनके चित्त में चारित्र धारण करने की संयमपूर्ण भावना नहीं थी। परन्तु श्री ऋषभदेव ने देह की ममता का परित्याग कर सुमेरु पर्वत जैसे निश्चल हो कर्मरूपी शत्रुओं को परास्त करने के लिए छः मास की परम समाधि लगा ली।

पश्चात् कच्छ, मरीचि आदि ने भूख-प्यास आदि कठिन परीषहों का कुछ दिनों तक स्वामी के साथ सहन किया, परन्तु आगे चल कर उन्होंने अपने को इस महान कार्य में असमर्थ पाया। क्लेश के भार से दबे हुए वे परस्पर इस प्रकार का वार्तालाप करने लगे-देखो, यह जगत् का स्वामी वज्रशरीरी न जाने कब तक इस प्रकार खड़ा रहेगा? हमें तो इसके साथ रहने में प्राण नष्ट होने का भय मालूम होता है। क्या हम इसकी बराबरी कर प्राण त्याग करेंगे? इस प्रकार वार्तालाप कर वे भगवान श्री ऋषभदेव को नमस्कार कर दूसरी ओर चले गये? क्योंकि उन्हें घर लोटने में राजा भरत का भय था, इसलिए उन्होंने पापोदय के प्रभाव से फल खाना आरम्भ कर दिया। उन राजाओं की देखादेखी वह मरीचि भी वैसा ही करने लगा, किन्तु उन्हें इस प्रकार नीच कर्म करते हुए देख कर उस वनके देव ने कहा अरे धूर्तो! तुम मेरी बातों को सुनो। इस पवित्र मुनि-वेश में जो लोग निन्द्य कर्म करते हैं, वे पाप के उदय से नरकरूपी समुद्र में जा गिरते हैं। वस्तुतः गृहस्थ अवस्था में किये हुए पापों की जिन-लिंग अर्थात् मुनि अवस्था में निवृत्ति हो जाती है; पर यदि मुनि-वेश में पाप किया जाय, तो उससे छुटकारा पाना अत्यंत कठिन ही नहीं, वरन असंभव है। अतएव तुम लोग इस वेश का परित्याग कर कोई दूसरा वेश ग्रहण करे, अन्यथा मुझे बाध्य हो तुम्हें दण्ड देना पडेगा। देव की ऐसी फटकार सुन कर मुनि वेशधारी पाखंडियों को बड़ा भय हुआ। उन्होंने मुनि-वेश त्याग कर लिये। भरत-पुत्र मरीचि ने भी तीव्र मिथ्यात्व कर्म के उदय से मुनि-वेशका परित्याग कर सन्यासी का वेश धारण कर लिया। उसकी तीक्ष्ण बुद्धि अब परिव्राजक मतों के शास्त्रों की रचना करने में समर्थ हुई। ठीक ही है; जैसी होनी होती है, वह होकर ही रहती है। उसके लिए किसी प्रकार का प्रयत्न करना व्यर्थ सिद्ध होता है।

*क्रमशः..... अगले अंक में*

# નારી શક્તિની રૂંવાટા ખડા કરતી પ્રેરણાદાયક સત્ય ઘટના

## મારઝુડ-ગાળાગાળી-અપમાન સહન કરતી સન્નારી ને ૧૬ વર્ષની ઉંમરે પરણાવી પરંતુ આ આંધી-તુફાન ને સહન કરીને દઢ નિશ્ચય થકી 'IAS' ઓફીસર બનનાર સવિતાની પ્રેરણાદાયક સત્ય-કહાની.... (બે દિકરાની 'મા' બનીને)

**તંત્રી નોંધ :** આ **સત્ય ઘટના** વાંચકોને ધ્યાનમાં લેવા વિનંતી છે તેમાંયે દરેકે દરેક મહિલા અવશ્ય વાંચવા યોગ્ય છે. નાની વયે બે સંતાનોની માતા બનવું, સાસરિયા ની સતામણી તથા જીજીવિષા જેતી કારકીર્દી માટે ઝઝુમી ને લક્ષ પુરૂ પાડતી 'સવિતા' ઘર-ઘર માં છે. તેમાંથી પ્રેરણા લઇ IAS બનવાનો માર્ગ પકડો. 'સંઘ-મહાસંઘ' બધાજ તન-મન-ધન થી સહકાર આપશે. **પૈસાદાર ઘરનું માંગુ** આવે તો આપણો સમાજ પણ વાર્તા ની જેમ કરવા માટે તત્પર જ હોય છે જેમાં બદલાવ આવવો જ જોઇએ.

'હું ભણવામાં ખૂબ હોંશિયાર હતી. મારે ડોક્ટર કે આઈએએસ ઓફિસર બનવું હતું. પરંતુ એક અત્યંત ધનિક કુટુંબમાંથી માગુ આવતા, મને ૧૬ વર્ષે પરણાવી દેવામાં આવી. આદિવાસી કોમમાં હું બારમા સુધી ભણેલી એટલે આટલા ધનિક કુટુંબમાંથી લગ્નનો પ્રસ્તાવ આવે તે ખૂબ મોટી વાત હતી મારા કુટુંબ માટે. આથી ૧૬ વર્ષે લગ્ન થયા અને હું સાસરે ગઈ, કુટુંબીજનોને આશા હતી કે આગળ ભણવા દેશે, ને હું ડોક્ટર બની શકીશ. આ તો સવિતાનું સૌભાગ્ય કહેવાય.

પરંતુ વાત સાવ ઊલ્ટી બની. એ મારા સૌભાગ્યની નહિ પરંતુ મારા દુર્ભાગ્યની શરૂઆત હતી. જેટલુ મોટું સાસરીયાવાળાનું ધનિક કુટુંબ હતું. તેટલું જ ગરીબ ને સંકુચિત તેમનું દિલ હતું. બીજા જ દિવસથી પતિએ મને બીજા લોકો સમક્ષ ઊતારી પાડવા માંડી. પછી ધીરે ધીરે ગાળાગાળી કરવા માંડી. છતાં હું ચૂપ રહેતી. મારૂં ભણવાનું સ્વપ્ન તો ક્યાંય રોળાઈ ગયું. એને બદલે સતત ગૃહકાર્ય અને રાત્રે પતિની સેવા દરેક રીતની કરવી પડતી. ત્રણ વર્ષના લગ્ન જીવનના ફળ સ્વરૂપે બે દીકરા થયા. એક ત્રણ વર્ષનો ને બીજો અઢી મહિનાનો.

હવે ઘરેલુ હિંસાનું પ્રમાણ ખૂબ વધી ગયું હતું. મારા પતિ મને મારપીટ પણ કરતા. આખો દિવસ કામ કરતી. પરંતુ મને પૂરતું ખાવાનું પણ અપાતું નહિ. મારા નાના દીકરાને હું દૂધ પિવડાવતી, આથી મારે ખોરાકની જરૂર રહેતી.

**આથી હું રોટલીઓ અંદર ગારમેન્ટમાં છુપાવીને બાથરૂમમાં લઈ જઈ ખાઈ લેતી. અને પેટ ભરતી.** આમ શોષણ અને ઘરેલુ હિંસા વધી જવાથી, મેં મારા પિતાજીને બોલાવ્યા. તેમણે બધી વાતો સાંભળી, ઘરનો ને સાસરાનો માહોલ જોયો અને સાંજે લેવા આવીશ. એમ કહી ચાલ્યા ગયા.

પિતાજીની સાંજ પડી જ નહિ. એ લેવા આવ્યા જ નહિ. પીયરના બારણા બંધ થયા. એમ હું સમજી ગઈ.

મારપીટ, ગાળાગાળી, નોકરો જેવી વર્તણુંક વધતી ચાલી. અને ઘરેલુ હિંસા સહન કરવી મારા માટે અસહ્ય થઈ પડી આથી મેં આત્મહત્યા કરવાનો નિર્ણય લીધો. મને કોઈ બીજો રસ્તો દેખાતો જ નહતો.

એ દિવસે બપોરે કામ પતાવી, મારા બે દીકરાઓને સૂવાડ્યા, માથા પર ચૂમી ભરી વ્હાલ કર્યું અને પંખા નીચે સ્ટૂલ મૂકી સાડી બાંધી હું ફાંસો ખાવાનો પ્રયત્ન કરતી હતી ને મારા સાસુ બારી પાસેથી પસાર થયા, એમણે જોયું કે હું આત્મહત્યા કરવાનો પ્રયાસ કરી રહી છું, પણ મને રોકવાને બદલે આંખ આડા કાન કરી જતા રહ્યા.

અને મને ખ્યાલ આવ્યો અને સમજ પડી કે હું આવી વ્યક્તિઓ માટે મારો જાન આપી રહી છું કે જેને મારી કદર જ નથી. એના કરતા ગમે તે રીતે આગળ ભણું અને અહીંથી ભાગી જવું અને મારા દીકરાઓને પણ સાચવું અને ભણાવું. આમ કાયર ના બનાય અને નિરાશ ન થવાય.

બસ એમ વિચારીને મેં મારા એક સગાને ત્યાં હંગામી રહેવાની વ્યવસ્થા કરી અને આગળ ગમે તેટલી મુશ્કેલીઓ આવે તે પડકાર ઝીલી અને આગળ ભણીશ એ નિર્ણય કરી, બે દીકરાઓને લઈને મારા સગાને ત્યાં હું ભાગી ગઈ. મારૂં સાસરૂં છોડી ભાગી ગઈ અને મારા સગાને ત્યાં રહેવા લાગી. 'આ અત્યંત દુઃખભરી અને સંઘર્ષભર્યા શબ્દો છે. આઈએએસ ઓફિસર સવિતા પ્રધાનના.

સંઘર્ષોની માળાઓ પહેરી, સવિતા પ્રધાન મધ્ય પ્રદેશના સાંગરોલી શહેરની આઈએએસ ઓફિસર એટલે કમિશ્નર બની. આ આઈએએસ ઓફિસરની શરૂઆતની કહાની તેની જ જુબાની. થોડી વધુ વિગતવાર સવિતા પ્રધાનની વાતો પર ફોકસ કરીએ.

સવિતાનો જન્મ મધ્ય પ્રદેશના એક નાના ગામમાં આદિવાસી જેવી પછાત કોમમાં થયો. સ્થિતિ અત્યંત ગરીબ પણ માતા-પિતાએ દસમી સુધી ગામની શાળામાં ભણાવી. અને પાસેના ગામની સરકારી શાળામાં દાખલ કરી અહીં સવિતા ચાલીને જતી કારણ કે, તેની પાસે બસના બે રૂપિયા પણ ન હતા. ૭ કિ.મી. જવાનું ને ૭ કિ.મી. આવવાનું રોજ ૧૪ કિ. મી. ચાલતી. પરંતુ ભણીને, ડોક્ટર બનવાના સ્વપ્નએ તે આ મુશ્કેલીને ગણકારતી નહિ. માતાએ તેના સપોર્ટ માટે એ ગામમાં જ નોકરી લીધી. રસ્તો સરળ બન્યો, પરંતુ ૧૬ વર્ષે લગ્ન થઈ ગયું.

પછીની કહાની તો સવિતા પ્રધાનના શબ્દોમાં જોઈ, હવે તે ભાગીને, સગાને ઘેર આવી, પછી આગળ.

સવિતા પ્રધાન મક્કમ મન, દ્રઢ આત્મવિશ્વાસ અને મનોબળ સાથે જ આવી હતી કે, મારા જીવનમાં અનેક સંઘર્ષો આવશે જ. પરંતુ મારે ભણીને સારી પદવી મેળવવાની છે, અને મારા બાળકોને એકલે હાથે ઉછેરવાના જ છે. કોઈ મદદ કરવા આવવાનું નથી.

બસ શરૂ થઈ સવિતા પ્રધાનની એકલ વીરાંગના તરીકેની સંઘર્ષ યાત્રા.

સવિતાએ કોલેજનું ભણવાનું શરૂ કર્યું સાથે નાની મોટી નોકરી જેવી કે ટ્યુશનો, બ્યુટી પાર્લરમાં, હંગામી ઓફિસ વર્ક દરેક જાતના કામ શરમ વગર કરતી ગઈ અને બાળકોને ઉછેરતી ગઈ. કોલેજનું ભણવાનું પણ ચાલુ રાખ્યું.

પરંતુ પતિ તરફથી હજુ પણ ઘરેલુ, હિંસા અટકી નહીં. પતિ સવિતા જ્યાં રહેતી હતી ત્યાં આવીને પીને મારપીટ કરતો. બે દીકરાઓ અને આસપાસના લોકો આ તમાશો જોતા.

એક વખતની ઘટના યાદ કરતા સવિતા પ્રધાન કહે છે કે, 'મારે વાર્ષિક પરીક્ષા હતી. હું એ દિવસના પેપરનું વાંચી રહી હતી અને પતિએ આવીને ગાળાગાળી શરૂ કરી. મેં ધ્યાન ના આપતા, ચોકડીમાં પડેલી બાલ્દી (ડોલ) લઈ તેમાં પેશાબ કરી મારા પર ઢોળ્યો. મારે તરત બે કલાકમાં પરીક્ષાનું પેપર હતું. કોઈ દલીલબાજી કરવાનો સમય ન હતો. જલ્દી કપડા બદલી, કઠણ મન કરી, બધું ભૂલી જઈ, એકાગ્રતા લાવી હું પરીક્ષા આપવા ગઈ.'

આનાથી વધારે સંઘર્ષભરી પરિસ્થિતિ કોઈ સ્ત્રીના જીવનમાં કઈ હોઈ શકે? સવિતા પ્રધાનને સલામ !

આમ સંઘર્ષની સીડી ચડતા, ચડતા સવિતા પ્રધાન સ્નાતક થઈ પછી રાજ્ય કક્ષાની સરકારી પરીક્ષા આપી સરકારી ઓફિસર બની. આ ઉપલબ્ધિ માટે મધ્ય પ્રદેશ સરકારે સવિતા પ્રધાનને રૂ.૭૫,૦૦૦ ની છાત્રવૃત્તિ આપી.

જેમાંથી સવિતા પ્રધાને યુપીએસસીની પરીક્ષા (સિવીલ સર્વિસ) આપી અને પહેલી જ ટ્રાયલે તે પાસ થઈ ગઈ અને મધ્ય પ્રદેશના સાંગરોલીમાં આઈએસ ઓફિસર તરીકે નિમણુંક થઈ.

• 'ગુ.સ.'થી આભાર

## મહાસંઘમાં પ્રવેશ પામતા આજીવન સંરક્ષક સભ્યોનું હાર્દિક સ્વાગત

| Membership No. | Name | Place |
|---|---|---|
| SRM 2070 | Gandhi Mahi Sandip | Surat |
| SRM 2071 | Doshi Manoharlal M | Bharuch |
| SRM 2072 | Shah Minaxiben Pankajbhai | Vadodara |
| SRM 2073 | Shah Shila Rajeshbhai | Vadodara |
| SRM 2074 | Shah Mala Hareshbhai | Vadodara |
| SRM 2075 | Shah Archana Jignesh | Anand |
| SRM 2076 | Shah Kokilaben Subhashchandra | Vadodara |
| SRM 2077 | Shah Harshil Nilesh | Bhayander (West) |
| SRM 2078 | Shah Dipteeben Mahavirbhai | Ahmedabad |
| SRM 2079 | Shah Artiben Kalpeshbhai | Ahmedabad |
| SRM 2080 | Shah Falguniben Tejashbhai | Ahmedabad |
| SRM 2081 | Shah Dipa Chirag | Ahmedabad |
| SRM 2082 | Shah Falguniben Dharmeshbhai | Ahmedabad |
| SRM 2083 | Shah Alpaben Dilipkumar | Ahmedabad |
| SRM 2084 | Shah Kailashben Harshadbhai | Ahmedabad |
| SRM 2085 | Shah Sangitaben Nareshbhai | Ahmedabad |
| SRM 2086 | Jain Neeta Ravi | Ahmedabad |
| SRM 2087 | Shah Simaben Rakeshkumar | Ahmedabad |
| SRM 2088 | Shah Smitaben Tarunbhai | Gandhi Nagar |
| SRM 2089 | Doshi Ushaben Kasayapbhai | Ahmedabad |
| SRM 2090 | Shah Jayaben Jasvantlal | Ahmedabad |
| SRM 2091 | Shah Jigna Nirmal | Ahmedabad |
| SRM 2092 | Mehta Sapna Aashit | Ahmedabad |
| SRM 2093 | Kotadia Snehalben Tejaskumar | Ahmedabad |
| SRM 2094 | Shah Twinkle Hitesh | Ahmedabad |
| SRM 2095 | Shah Viral Mayank | Ahmedabad |
| SRM 2096 | Shah Dipika Dhaval | Ahmedabad |
| SRM 2097 | Parikh Belaben Chetanbhai | Ahmedabad |
| SRM 2098 | Gandhi Binni Nemish | Ahmedabad |
| SRM 2099 | Jain Praveena Rajeshkumar | Ahmedabad |
| SRM 2100 | Gandhi Shreya Tejas | Ahmedabad |
| SRM 2101 | Doshi Zaranaben Satishkumar | Ahmedabad |
| SRM 2102 | Shah Viral Satishkumar | Ahmedabad |
| SRM 2103 | Doshi Riddhi Moxak | Ahmedabad |
| SRM 2104 | Shah Divya Tejas | Ahmedabad |
| SRM 2105 | Shah Deepen Nareshkumar | Vadodara |
| SRM 2106 | Shah Minesh Bhupendrakumar | Vadodara |
| SRM 2107 | Shah Nikhil Bhadreshkumar | Vadodara |
| SRM 2108 | Fadia Niketa Vipulbhai | Ahmedabad |
| SRM 2109 | Gandhi Chetna Nikeshkumar | Ahmedabad |
| SRM 2110 | Shah Rupaben Devangbhai | Ahmedabad |
| SRM 2111 | Doshi Rachna Kalpeshbhai | Ahmedabad |

# Find Enriching Peace, Let Go Of Expectyations

**તંત્રી નોંધ :** વિદ્યાર્થીઓને અભ્યાસમાં પ્રગતિ માટે શાંતિ (peace) ખૂબ આવશ્યક છે અને તેઓને માટે આ લેખ છે પરંતુ adult પણ વાંચી શકે છે.

Peace can be had in two ways; When you have a comfortable sleep, you are peaceful, undisturbed, unaffected. Also when you can compose your mind in meditation or contemplation, the mind becomes free of thoughts and botheration. You are led to peacefulness, even though only for a short time.

Sleep lasts for longer. The meditative composure, on the other hand, may have a shorter spell. Its effect may linger for some time after you finish the session. but soon, the mind gets caught up in worldly thoughts leading to agitation.

As a contrast, there is another way of being peaceful. In this type, you shall have peace, contentment and joy without having to withdraw yourself from activities. You can be fully involved amid intense worldly pursuits and yet be completely peaceful. This is what a good seeker should aim at, inquire and pursue.

For this, the mind must become pure. Several qualities must be imbued into it. Goodness should become the very nature of such a mind. This pursuit of purity and virtues, which directly brings peace to the mind no matter whether the mind is active or inactive is the ultimate quest of all religions, philosophy, spirituality and yog.

Whenever you feel a lack of peace, understand that there is a cause behind it and look for it. Our shastras and tradition have identified causes of lack of peace or mental agitations. Most of the ancient findings are true even today because our mind has remained basically the same. Our senses are the same, mind and psychology are the same, intelligence and its propensities are no different.

One important quality that immediately bestows peace is anapeksata, non-expectation. The mind should have expectation no desire. The second is amanitvam, lack of ego. The ego should not block the way to any king of learning or improvement. You may have to incorporate several virtues; you may have to eliminate many vices. Either while incorporating virtuous notes, or while eliminating vices, your ego should not giverise to undue resistance. Understand that virtues lead to your own excellence, expansion and peace, and vices cause only constriction and torment.

Our shastras say; Whenever truth is spoken, we must receive and thoughtfully imbibe it, and it something unreasonable is uttered even by Brahmn. It must be rejected like a blade of grass. So, ego should not stand in the way of either incorporating a virtue or eliminating a vice. This effacement of ego, which steers life towards purity and enilghtenment, is important.

The desires will only disturb the mind, and ego will constantly irritate and pose problem. If these two are kept away, being constantly watchful about their emergence, you will find a better, more permanent and enriching peace than what you would have through meditation. Your peace will then coexist with your worldly activity and interactions.

Source : T.O.I., Meena Om



# लंदन में महावीर जन्म कल्याणक २०२६ का भव्य आयोजन, शांति और एकता का दिया संदेश

## सांस्कृतिक कार्यक्रमों ने किया मंत्रमुग्ध ❊ प्रतिभावान बच्चों को किया सम्मानित







ग्रेट ब्रिटेन की राजधानी लंदन में रहनेवाले भारतवंशी लोगों ने उत्साह और श्रद्धा के साथ महावीर जन्म कल्याणक का आयोजन किया। यूके के विभिन्न नगरों से ७०० से अधिक जैन श्रावक इस कार्यक्रम में शामिल हुए। उद्घाटन के बाद विद्वान शीतलजीभाई द्वारा उद्बोधन, बाल ब्रह्मचारी विजय भैया जी एवं पंडित अनुभवजी द्वारा धर्म चर्चा तथा बाल ब्रह्मचारी विजय भैया के प्रेरणादायक प्रवचन ने सभी उपस्थित श्रद्धालुओं को आध्यात्मिक ऊर्जा से ओत-प्रोत कर दिया। इस अवसर पर हैरो, यूके की मेयर अंजना पटेल की गरिमामयी उपस्थिती रही। कार्यक्रम में समाज की युवा प्रतिभाओं का सम्मान समारोह भी आयोजित किया गया, जिसमें कला, खेल, विज्ञान, अभियांत्रिकी एवं गणित के क्षेत्रों में उत्कृष्ट उपलब्धि प्राप्त करनेवाले विद्यार्थियों को अंजना पटेल द्वारा सम्मानित किया गया। साथ ही जैन धर्म एवं हिंदी भाषा की पाठशालाएं संचालित करने वाले शिक्षकों का भी मंच पर शाल एवं श्रीफल देकर सम्मान किया गया।

आयोजक समिति सदस्य आशीष जैन ने बताया कि आयोजन में भगवान महावीर के जीवन पर आधारित नाटिकाएँ, संगीतमय प्रस्तुतियाँ, इंद्र सभा एवं जैन मूल्यों पर आधारित भक्ति कार्यक्रमों ने सभी दर्शकों को मंत्रमुग्ध कर दिया। सांस्कृतिक कार्यक्रमों के आयोजन में रूचि देसाई, निधि जैन, स्वप्निल जैन, सारिका जिंतुरकर, मल्लिका जैन एवं सभी जैन आदि साथियों का विशेष योगदान रहा। कार्यक्रम का ऊर्जा से पूर्ण एवं सजीव संचालन योगेंद्र जैन, मीनल जैन, प्रीती काले के साथ-साथ युवा साथियों अर्णव बांसल, प्राप्ति शाह एवं वंशी मेहता द्वारा किया गया।

कार्यक्रम के सफल आयोजन में आयोजक समिति के प्रमुख सदस्य - **श्रेयांस जैन, जिग्नेश शाह, आशीष जैन, विवेक वासल, राकेश जैन, आनंद जैन, हिरेन दोषी, मयंक जैन** का विशेष योगदान रहा। इस अवसर पर यूनाइटेड किंगडम की सभी दिगंबर जैन संस्थाओं के प्रतिनिधि उपस्थित रहे। सभी ने एकजुट होकर भगवान महावीर के सत्य, अहिंसा, शांति एवं एकता के संदेश को पूरे यूके में प्रसारित करने का संकल्प किया।

❊ जिग्नेश शाह (लंडन) के तरफसे

# "સંતાનોને યૌવનદાન કરી, બુઢાપો ઓઢી લેનાર મા-બાપ શ્રવણ નથી ઈચ્છતાં, પણ..."

સંતાનોથી ઉવેખાયેલા અને ઢળતી ઉંમરે એકલતાથી ઓચાઈ ગયેલા વૃદ્ધજનો - સિનિયર સિટીઝનો હમવયસ્કો અને સમદુખિયાંઓની વચ્ચે જીવવા, 'બસેરા', 'જીવન સંધ્યા', 'સહારા' જેવાં નામો ધરાવતા વૃદ્ધાશ્રમોમાં શેષ જીવન પસાર કરતાં હોય છે.

મનસુખલાલ અને મનોરમાબહેન છેલ્લા બારેક વર્ષથી વૃદ્ધાશ્રમમાં જીવન વ્યતીત કરે છે. આ વૃદ્ધ દંપતી નિઃસંતાન નથી. એમને ત્રણ પુત્રો હોવા છતાં સમદુઃખિયાંની સાથે ભજન-કીર્તન-ધાર્મિક વાંચન, પર્યટન જેવી પ્રવૃત્તિઓમાં ડૂબી જઈ સુખેથી જીવે છે.

મનસુખલાલ પૈસેટકે ખૂબ સુખી હતા. વેપારમાં સારૂં એવું કમાયા હતા. દામ્પત્યજીવનની ફલશ્રુતિરૂપે ત્રણ પુત્રોનાં માતા-પિતા હોવાનું પુત્રો પરણ્યા નહોતા ત્યાં સુધી ગૌરવ અનુભવતા હતા. એક પછી એક પુત્રોને પરણાવતા ચાલ્યા તેમ તેમ સુખની માત્રા ઘટતી ચાલી, મતભેદોજન્ય કલહ કંકાસથી ત્રાસી જતાં હતાં.

ત્રણ પુત્રોમાંથી મોટો પુત્ર વિમલ મનસુખલાલ અને મનોરમાબહેનની શ્રીમંત અને સજ્જન વ્યક્તિઓ તરીકે ન્યાતજાતમાં છાપ હોવાથી જ્ઞાતિની લંડનમાં વસતા પરિવારની પુત્રી કૃતિકા સાથે પરણીને લંડન ચાલી ગયો હતો. બાકીના બે પુત્રો-આકાશ અને પ્રકાશને પણ અમી અને દિશા સાથે પરણાવી, માતૃ-પિતૃધર્મ બજાવ્યાનો સંતોષ અનુભવતા હતા.

વર્ષો પહેલાં બોપલ અને ધૂમામાં પાણીના ભાવે છસો છસો વારના ત્રણ પ્લોટ રાખી લીધા હતા. ત્યારે ત્યાં ઝાઝી વસતી નહોતી. ઝાઝો વસવાટ નહોતો. આજની જેમ ઠેર ઠેર બંગલાઓ-ફ્લેટો નહોતા.

પૈસા આવતા ગયા તેમ તેમ આકાશ અને પ્રકાશ માટે બંગલા બંધાવી આપ્યા અને મોટા પુત્ર વિમલ માટે છસો વારનો પ્લોટ ખાલી રાખ્યો હતો. આ ત્રણે પ્લોટો હજુ મનસુખલાલ અને મનોરમાના નામ પર હતા. બે માળના એક બંગલામાં ગ્રાઉન્ડ ફ્લોર પર આકાશ અને અમી રહેતાં. પહેલા માળે પ્રકાશ અને દિશા રહેતાં. ત્રીજો પ્લોટ ખાલી હતો. વિમલ અને કૃતિકા બેત્રણ વર્ષે લંડનથી આવે ત્યારે માતા-પિતા સાથે ઉપલા માળે રહેતા.

ત્રણે પુત્રો અને પુત્રવધૂઓ એકઠા થાય ત્યારે હોટલમાં, ફિલ્મોમાં, ક્લબોમાં જાય. મોજ-મજા કરે, પણ યુવાનોની વચ્ચે બુઢ્ઢા બનતા જતા મા-બાપનું શું કામ છે? એમની સાથે આપણે શું વાતો કરીએ?

ત્રણે પુત્રો, ત્રણે પુત્રવધૂઓના મનમા ઘણીવાર પ્રશ્ન ઊઠતો. "માબાપ આપણામાં હળીભળી શકતાં નથી. કંઈક રસ્તો કાઢવો પડશે." બીજા નંબરના પુત્ર આકાશે કહ્યું, શું માનો છો?

ત્રીજા નંબરના પુત્ર પ્રકાશે કહ્યું, 'ખરી વાત છે. જુઓને ડોશા-ડોશી આખો બંગલો વાપરે છે. હું અને આકાશ બાજુના બંગલામાં ઉપર-નીચે રહીએ છીએ.'

'ખરી વાત છે, ધંધો પણ આકાશ પ્રકાશને સોંપી ડોશા-ડોશી હિંચકે બેસીને ઝૂલ્યા કરે છે. રસોઈ માટે રસોયણ બાઈ રાખી છે. ઘરકામ માટે નોકર રાખ્યો છે. કમ્પાઉન્ડમાંના બાગમાં ઊગતાં પુષ્પોની માવજત માટે માળી આવે છે. વિમલભાઈ, તમે તો લંડન જતાં રહેશો. માંદે-સાજે અમારે જ માથે પડે છે અને ભવિષ્યમાં પણ અમારે જ એમની સેવા-ચાકરી કરવી પડશે.' આકાશની પત્ની અમીએ દુભાયેલા અવાજે કહ્યું.

'અમી ભાભીની વાત સાથે સંમત થાઉં છું. બન્ને હવે વૃદ્ધ થયાં છે. ક્યારે ધકી જાય એ કહેવાય નહીં એના કરતાં ત્રણે પુત્રોનાં નામ પર પ્લોટ અને બંગલા કરી દેતા હોય તો?' દિશાએ લાભની વાત હોવાથી અમી ભાભીના સૂરમાં સૂર પરોવ્યો.

'મોટો પુત્ર વિમલ લંડનથી આવે ત્યારે એમના નામે પ્લોટ કરી દેશો. અમારા ભાઈઓ વચ્ચે વાત થઈ ગઈ છે.' તમે તમારી હયાતીમાં ત્રણે ભાઈઓ વચ્ચે જીવતે જીવ પ્લોટ અને બંગલા અમારે નામે પ્લોટ અને બંગલા કરી દે તો ભવિષ્યમાં તમને જ કામ લાગવાનો જ છે. આકાશે મા-બાપને બેસાડી વાત કરી. 'વિચારીશ' મનસુખલાલે કહ્યું. થોડા સમય પછી મનોરમાબહેને કહ્યું, 'ખરી વાત છે. આપણાં છોકરાઓ બીજાના છોકરાઓની જેમ કદી લડાઈ-ઝઘડા કે મારામારી ન કરે. આપણાં છોકરા એવાં નથી.'

'મનોરમા, દરેક મા-બાપને પોતાના સંતાનો પર તારા જેવો જ વિશ્વાસ હોય છે, પણ દરેકનો વિશ્વાસ સાચો ઠરતો નથી. આપણા મૃત્યુ પછી બધી જ મિલકત એમની જ છે ને? થોડા દિવસમાં નિષ્ણાત વકીલ પાસે 'વિલ' બનાવડાવી દઈશું. એ જ ડહાપણ ભર્યું છે. આપણે આપણી રીતે સુખી છીએ. એ લોકો એમની રીતે સુખી

છે. કોઈને પૈસાની તકલીફ નથી એવો વખત આવશે તો આપણે છીએ જ ને? જીવતે જીવ હાથ લાંબો કરવાનો વખત ન આવે તો જ સ્વમાનથી જીવી શકીશું. બધું જ **જીવતે જીવ આપી બેઠેલાંઓની દુર્દશા મેં જોઈ છે.'** મનસુખલાલે વાસ્તવિક વાત કરી.

'મને મારા છોકરાઓ પર વિશ્વાસ છે. બાપ થઈને તમે કેમ અવિશ્વાસ રાખો છો?' મનોરમાબહેને કકળાટ શરૂ કર્યો.

આખરે મનસુખલાલે નમતું જોખ્યું. આકાશ-પ્રકાશને નામે બિઝનેસ અને બંગલા કરી દીધા.

થોડા સમયમાં જ મનસુખલાલ માંદા પડ્યા. બન્ને પુત્રોના નામે બંગલા થઈ જતાં મનસુખલાલ અને મનોરમાબહેન કોની સાથે રહે એ અંગે આકાશ અને પ્રકાશ, અમી અને દિશા વચ્ચે ઝઘડા શરૂ થઈ ગયા.

આખરે બન્ને પુત્રો અને તેમની પત્નીઓ એક વાત પર સંમત થયા, 'બા-બાપુજી માંદા રહે છે. આપણા બાળકોને ઈન્ફેક્શન લાગશે તો નાનાં બાળકો કેવી રીતે જીરવી શકશે? રોજ રોજ નવા નવા રોગ આવતા જાય છે. એના કરતાં બન્નેને 'વૃદ્ધાશ્રમ' માં મૂકી આવીએ તો એમની ઉંમરનાં સ્ત્રી-પુરૂષો સાથે સારી રીતે જીવી શકશે. આપણી સાથે શું વાતો કરવાનાં છે? એમની ઉંમરના માણસો સાથે આનંદથી જીવી શકશે.'

આખરે બન્ને પુત્રોએ મનસુખલાલ અને મનોરમાબહેનને સમજાવી - પટાવીને 'વૃદ્ધાશ્રમ' માં મૂકી આવ્યા. રોજ રોજના ઝઘડા અને હડધૂતથી ત્રાસી ગયેલા મા-બાપ પણ હમવયસ્કોની વચ્ચે રહેવા તૈયાર થઈ ગયાં.

મા-બાપને 'અનાથાશ્રમ' માં મૂકી આવ્યા પછી સમાજમાં અને સગાંવહાલાંઓમાં ખરાબ ન લાગે માટે જ્ઞાતિમાં દાન આપી આવ્યા. ગામ અને બહાર ગામ રહેતાં સગાં-વહાલાં ઓને બંગલામાં રહેવા આમંત્રણ આપતા. કારમાં ફેરવતા. ફિલ્મો બતાવતા અને હોટલોમાં જમાડતા. સમાજ અને સગાંઓ પૈસાથી ખરીદાઈ ગયાં અને આકાશ-અમી અને પ્રકાશ તથા દિશાની વાહ વાહ કરવા લાગ્યાં અને સર્વસ્વ આપી દેનાર અને વૃદ્ધાશ્રમમાં રહેનાર મનસુખભાઈ અને મનોરમાબહેનનો વાંક કાઢવા લાગ્યાં. 'બન્ને પુત્રો અને પુત્રવધૂઓ કેટલાં સારાં છે, પણ મા-બાપનો સ્વભાવ જ ખરાબ હશે તેથી તો 'વૃદ્ધાશ્રમ' માં જતા રહ્યાં. આપણા જેવાં પારકાં સાથે આટલું સારૂં રાખે છે તો મા-બાપને નહીં રાખતાં હોય?'

માંડ વર્ષે એકાદવાર બન્ને પુત્રો મનસુખલાલ અને મનોરમાબહેનની ખબર લઈ આવતા. પુત્રવધૂઓ તો 'ઘરમાંથી કાઢ્યા પછી' બાપે માર્યા વેર હોય એમ એકાદવાર પણ મળવા ગઈ નહોતી.

પાંચેક વર્ષ વીતી ગયા -

મનસુખલાલ અને મનોરમાબહેનને ઢળતી ઉંમરે વૃદ્ધાશ્રમમાં ફાવી ગયું હતું. એમના નામ પર ડિપોઝીટો હતી એનું સારૂં એવું વ્યાજ આવતું હોવાથી વૃદ્ધાશ્રમનો રહેવા-જમવાના ખર્ચ ઉપરાંત દવાનો ખર્ચ સારી રીતે કાઢી શકતા હતા.

પાંચેક વર્ષ પછી મોટો પુત્ર વિમલ લંડનથી આવ્યો. તેની સાથે કારમાં આકાશ અને પ્રકાશ-ત્રણે પુત્રો 'વૃદ્ધાશ્રમ' માં આવ્યા. અને મા-બાપની માફી માગી અમને ઘેર પાછા ફરવા વિનંતી કરી.

મનોરમાબહેનનું માતૃહૃદય પીગળી ગયું. મનસુખલાલને પુત્રોને ઘર પાછા ફરવા સમજાવ્યાં, 'છોરૂં કછોરૂં થાય, પણ માવતર ક-માવતર કદી થયાં છે?'

સંચાલકશ્રી ફરસુભાઈને આ પરિવર્તન અસ્વાભાવિક લાગ્યું. તેમણે બન્નેને સમજાવ્યાં, 'જતાં પહેલાં વિચાર કરજો. પછી તમારી મરજી.'

પુત્ર વાત્સલ્ય આગળ માતૃત્વ ઝૂકી ગયું.

થોડા દિવસ સારી રીતે રાખ્યા પછી કેટલીક જગ્યાએ સહી કરવાની રહી ગઈ હોવાથી સમજાવીને સહીઓ કરાવી લીધી. બેંક લોકરમાં લાખોનાં દાગીના હતા. ત્રણે ભાઈઓએ સરખેભાગે વહેંચી લીધા પછી વિમલ લંડન ચાલી ગયો. ફરી પાછો એ જ પ્રશ્ન, એ જ કકળાટ, 'મા-બાપને કોણ રાખે?'

શેરડીને નીચોવી રસ કાઢ્યા પછી કૂચાને ફેંકી દેવાય છે તેમ મનસુખલાલ અને મનોરમાબહેનને પાછા એ જ 'વૃદ્ધાશ્રમ' માં મૂકી આવ્યા.

મનસુખલાલ અને મનોરમાબહેન હમસફરોની સાથે 'જીવનસંધ્યા' માં જીવનના શેષ દિવસો ખેંચી રહ્યા છે.

આજે પૈસો આ યુગમાં શક્તિશાળી મહાસત્તા છે. મમતા, લાગણી, માતૃપિતૃ વાત્સલ્ય આ મહાસત્તાનું મહોતાજ છે. આજના સ્વાર્થપ્રધાન યુગમાં સંતાનોને યૌવનદાન કરી, લડખડાતો બુઢાપો ઓઢી લેનાર મા-બાપ શ્રવણ નથી ઈચ્છતાં, પણ સંતાનો બુઢાપાની ટેકણલાકડી બની રહે એવું જરૂર ઈચ્છે છે. કેવળ પ્રેમભરી હૂંફ ઈચ્છવાનો એમનો અધિકાર નથી?

('જીવનસંધ્યા'માંથી મળેલ કથામાં નામો ફેરવીને, ફેરફારો સાથે સત્યઘટના)

## વિદ્યાશ્રી ફંડ ડોનર્સ માટે

## સ્કોલરશીપ ભલામણ કરવા અંગેનું રેડી રેકનર (કોઠો)

| મૂડી ભંડોળ (કોર્પસ ફંડ) (તમારી દાનની રકમનું અને તમારા થકી દાનરાશી મેળવી જમા કરાવેલ રકમનું) | ડોનર ટ્રસ્ટીએ સ્કોલરશીપ ભલામણ કરવાનો અધિકાર |
|---|---|
| ૧) પ્રથમ રૂા.૧,૧૧,૦૦૦/- થી રૂા.૨,૫૦,૦૦૦/- | ૧) વ્યાજના ૫૦ ટકા ભલામણ કરવાનો અધિકાર |
| ૨) કુલ રૂા.૨,૫૧,૦૦૦/- તમારા ટ્રસ્ટના ખાતામાં જમા થયેથી | ૨) રૂા.૧૦,૦૦૦/- (વ્યાજના ૫૦ ટકાના હિસાબે) |
| ૩) રૂા.૨,૫૧,૦૦૦/- થી વધુ પરંતુ રૂા.૫,૦૦,૦૦૦/- સુધીની રકમ ફંડમાં જમા થયેથી... | ૩) રૂા.૨૨,૦૦૦/- (પ્રથમ અઢી લાખના રૂા.૧૦,૦૦૦/- અને બીજા અઢી લાખના વ્યાજના ૬૦% રૂા.૧૨,૦૦૦/-) |

૪) રૂા.૫,૦૦,૦૦૦/- થી વધુ પરંતુ રૂા.૧૦,૦૦,૦૦૦/- સુધીની રકમનું મૂડી ભંડોળ જમા થાય તો બીજા (additional) રૂા.૫,૦૦,૦૦૦/- ના વ્યાજની આવકના ૬૫ ટકા મુજબ ભલામણ અધિકાર રહેશે.

૫) રૂા.૧૦,૦૦,૦૦૦/- થી વધુ જે કંઈ પણ રકમ જમા થાય તે રૂા.૧૦,૦૦,૦૦૦/- ની વધુની રકમના વ્યાજની આવકના ૭૫ ટકા મુજબ ભલામણ અધિકાર વધશે. (નોંધ : રૂા.૫૦,૦૦૦/- સ્લેબમાં વધારો થયેથી ભલામણ અધિકાર વધારવામાં આવશે).

**સવાલ : શું પ્રમાણે વ્યાજનો દર ગણવામાં આવે છે ?**

**જવાબ :** જમા રકમ ઉપર ૮% ના હિસાબે વ્યાજ ગણવામાં આવશે અને ભલામણ કરવાનો અધિકાર પ્રત્યેક રૂા.૫૦,૦૦૦/- ના સ્લેબમાં પૂરા જમા થયેથી આપોઆપ વધારવામાં આવશે.

**સવાલ : માની લો કે બેન્ક વ્યાજ ૮ ટકા થી નીચે ગયું તો?**

**જવાબ :** ૭ ટકા સુધી સંસ્થાને વ્યાજ મળશે ત્યાં સુધી તમારા જમા થયેલ ફંડ ઉપર સંસ્થા આઠ ટકાનો વ્યાજ દર ગણીને ઉપરના કોષ્ટક મુજબ સ્કોલરશીપ ભલામણ કરવાનો હકક ચાલુ રાખવા બંધાયેલ છે ! (૮ ટકા વ્યાજની ગણતરી અગાઉ જણાવ્યું તેમ રૂા.૫૦,૦૦૦/- ના સ્લેબ પૂરો થયેથી ધ્યાનમાં લેવાશે અને તે અનુસાર ભલામણ અધિકાર વધારવામાં આવશે.)

## સત્ય પણ કડવું વખ જેવું

બીજા બધા રાજ્યો કરતાં ગુજરાતમાં, ગુજરાતીઓને અંગ્રેજી પ્રત્યેની અતિ ઘેલસાથી, ગુજરાતી માતૃભાષા ભૂલાઇ ગઇ છે. આપણા બાળકોને થોડું ઘણું અંગ્રેજી આવડે. અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરે તેથી છાતી ફૂલાવીએ છીએ; પણ આપણી જ માતૃભાષા-ગુજરાતી - ન આવડે - લખતાં કે વાંચતાં કે શું બરાબર છે?

દુનિયાના મોટાભાગના દેશો પ્રાથમિક શિક્ષણ પોતાની માતૃભાષામાં આપે છે. જેથી વિદ્યાર્થી પોતાના મનમાં ઉદ્‌ભવતા વિચારોને સારી રીતે રજૂ કરી શકે - પરિપૂર્ણ કરી શકે.

એક શિક્ષક તરીકે લખુ તો ખોટું ન લગાડશો. આપણા બાળકોને ગુજરાતી લખતાં-વાંચતા પણ ન આવડે એ શું શરમજનક નથી ?

અત્યારે અંગ્રેજી માધ્યમની શાળાઓનો રાફડો ફાટયો છે. અંગ્રેજી માધ્યમને સાચો ન્યાય આપનારા નામો ઉચ્ચાર કરનારા શિક્ષકો નજાતા નથી અને ઓછા વેતનમાં મળતા શિક્ષકો અધકચરા હોય છે-અંગ્રેજી સાથે હિંદી કે ગુજરાતીમાં ઉચ્ચાર કરી ભણાવતા હોય છે. શું આવા શિક્ષકો બાળકોનું અંગ્રેજી સુધારશે?

હાં, અંગ્રેજીનું જ્ઞાન હોવું જરૂરી છે. કેટલીક રીતે અનિવાર્ય છે - ભણવું જરૂરી છે. પણ આપણી માતૃભાષાને ભોગે તો નહિ જ. મારી નમ્ર વિનંતી છે કે તમારા બાળકો પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં જ મેળવે તેવો આગ્રહ રાખો. અંગ્રેજી વિષય તરીકે જરૂરી છે - નહિ કે માધ્યમ તરીકે.

આવું નહિ કરો તો, આપણા જ બાળકોને, માતાની મમતા-પિતાની કુટુંબ પ્રત્યેની વફાદારી-હૂંફ-શું છે? તે ભૂલાઇ જશે. આ આજના સમયનું **કડવું સત્ય છે**. તેના માટે આપણ સૌ જવાબદારી છીએ. ખોટા અનુકરણથી-દેખાદેખીથી જેટલા દૂર રહીએ, તેટલું સારૂં.

'બા' શબ્દ ભૂલાઇ ગયો-માતાનું 'મોમ' થયું - પિતાનું 'પા' થયું. કાકા, મામા, માસા, પડોશી વગેરે અંકલમાં સમાઈ ગયા. કાકી, મામી, માસી આન્ટીમાં સમાઇ ગયા. કાકા-કાકી, માસા-માસી કે મામા-મામી કેવી રીતે-કેવી સગાઈથી થાય તે વિસરાઇ ગયું. ખોવાતું ગયું. ખરૂં પૂછો તો લાગણીઓનું જ ધોવાણ થયું. માટે આપણે સૌ જાગીએ તો સારૂં.

અંતમાં, હૈયા વરાળને અંતે, દશે દિશાઓમાંથી ઉત્તમ વિચારો અને સદ્‌બુધ્ધિ સર્વેને (હું પણ આવી ગયો) પ્રાપ્ત થાય તેવી અંતરથી પ્રાર્થના....

ભૂલચૂક માફ - લાગણી દુભાવી હોય તો પણ માફ....

- પ્રિન્સી ડી. સી. ગાંધી

# ભાવભીની શ્રદ્ધાંજલી



સ્વર્ગવાસ
તા. ૧૬/૫/૧૯૮૩

(સાયમા-લંડન)

## સ્વ. શ્રીમતિ કમળાબેન સી. એમ. શાહ

મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ, એથી મીઠી તો મોરી માત રે.
વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ, માડીનો મેઘ બારે માસ રે.
જનની ની જોડ સખી ! નહી જડે રે લોલ.
દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ અભ્યર્થના

*"God can't reach everywhere in the world created by him so he created Mother."*

❀ શ્રદ્ધાસુમન અર્પતા કરતાં ❀
**શિરીષભાઈ તથા**
**નવીનભાઈ સી. એમ. શાહ પરિવાર**
સાયમા (હાલ લંડન)

# લોકાધાર સમાજ હિતચિંતક સદસ્યોના સ્નેહીસ્વજનોને શ્રદ્ધાસુમન અર્પણ

## છઠ્ઠી પુણ્યતિથી



**સ્વ.શાહ મુકેશકુમાર અમૃતલાલ**

(ભાઈન્દર)

જન્મ :૨૮/૪/૫૮ • અરિહંત શરણ :૩૦/૫/૨૦૨૦

એક ચહેરો જે દષ્ટિમાંથી ભૂલાય નહિ...
એક વ્યક્તિ જે ક્યારેય વિસરાય નહિ...
એક હૂંફ જે ક્યારેય હવે મળશે નહિ...
જેમનું નામ હૃદયમાં સતત ગુંજ્યા કરે...
અને ફુલ બની આસપાસ મહેકયા કરે...
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે....

❀ શ્રદ્ધા સુમન અર્પણકર્તા ❀

**ધર્મિષ્ઠાબેન મુકેશકુમાર શાહ અને**
**સમસ્ત શાહ પરિવાર**

## ૩૨મી પુણ્યતિથિ



**સ્વ.બાબુલાલ પુનમચંદ કોઠારી**

જન્મસ્થળ: પેથાપુર / કર્મસ્થળ: મુંબઈ

જન્મતારીખ: ૯/૭/૩૫

અરિહંત શરણ: ૫/૬/૯૪

કુદરતને જે મધુર સુગંધી ફુલોની ખોટ પડે છે ત્યારે ધરતીનાં પુષ્પો ચુંટે છે, એ જ કુદરતે અમારા બગીચાનાં ફુલને ચુંટી લીધું, આપની વિદાયને અમે માની શકતા નથી

❀ શ્રદ્ધા સુમન અર્પણકર્તા ❀

**ધીરજબેન બાબુલાલ કોઠારી અને**
**સમસ્ત કોઠારી પરિવાર**

## અઢારમી પુણ્યતિથી



**સ્વ.પ્રેમીલાબેન જયંતીલાલ મહેતા**

ધર્મપત્ની : જયંતિલાલ ચુનીલાલ મહેતા

(સ્વ. તા. ૧૫/૬/૨૦૦૮)

**પહેલાં આંસુ આવતા અને**
**'મા' યાદ આવતી હવે 'મા' યાદ**
**આવે છે અને આંસુ આવે છે.**

❀ શ્રદ્ધાસુમન અર્પણકર્તા ❀

**સમસ્ત મહેતા પરિવાર**

## બીજી પુણ્યતિથી

જન્મ તા.: ૮-૦૨-૧૯૩૧



સ્વર્ગવાસ તા.: ૨૨-૫-૨૦૨૪

**સ્વ. ચંપાબેન ચંદુલાલ મહેતા**

આપે સિંચેલ સંસ્કાર વારસો, અમારી અણમોલ મૂડી
જેમ જેમ ખર્ચતાં જઇએ, વધતી જ જાય, ખૂટા ના કદિ !
આજે આપના દેહાવસાનની બીજી પુણ્યતિથીએ
આપના ઓજસ્વી અસ્તિત્વને શત્ શત્ નમન કરીએ છીએ!

❀ શ્રદ્ધા સુમન અર્પણકર્તા ❀

**વિજયભાઈ ચંદુલાલ મહેતા, જયેશભાઈ ચંદુલાલ મહેતા**
**ગુંજન, શાશ્વત, પનવ તથા સમસ્ત મહેતા પરિવારના જય જીનેન્દ્ર**

# લોકાધાર સમાજ હિતચિંતક સદસ્યોના સ્નેહીસ્વજનોને શ્રધ્ધાસુમન અર્પણ

## પ્રથમ પુણ્યતિથી



## સ્વ. શ્રી. પુનમચંદ નાથાલાલ મહેતા

શૂન્યમાંથી સર્જન કરી, કુટુંબ માટે ફૂલો પાથરી ગયા, ન ચૂક્યા ફરજ
આપ છેલ્લા સમય સુધી, તમારૂ જીવન અમારા માટે પ્રેરણા સ્વરૂપ હતું,
ભક્તિ તમે કરી પુણ્ય સૌને મળ્યા, કર્મ તમે કર્યા ફળ સૌને આપ્યા.
સંઘર્ષ તમે કર્યો સુખ સૌને આપ્યું, આપવું એજ તમારો જીવન મંત્ર હતો.
વ્યવહાર કદી ચૂક્યા નહીં, સુખ-દુઃખમાં સદા હસતા રહ્યા,
હૃદયની લાગણી કહે છે તમો અમારી આસપાસ છો,
આવા ઉત્તમ આત્માને પ્રભુ શાંતિ આપે.

જ. તા.: ૧૮-૦૨-૧૯૪૫
સ્વ. તા.: ૧૬-૪-૨૦૨૫

❀ શ્રધ્ધા સુમન અર્પણકર્તા ❀

**સુલોચનાબેન પુનમચંદ મહેતા** (પત્ની)

| | | | |
|---|---|---|---|
| પુત્ર : | અમીતકુમાર પુનમચંદ મહેતા | કીંજલબેન અમીતકુમાર મહેતા | પુત્રવધૂ |
| ભાઇ : | મનહરલાલ અમરતલાલ મહેતા | સુલોચનાબેન મનહરલાલ મહેતા | ભાભી |
| ભાઇ : | સ્વ.સુરેશકુમાર અમરતલાલ મહેતા | રંજનબેન સુરેશકુમાર મહેતા | ભાભી |
| પુત્રી : | સીમાબેન વિપુલકુમાર ગાંધી | વિપુલકુમાર તારાચંદ ગાંધી | |
| પુત્રી : | પીન્કીબેન પરેશકુમાર કોઠારી | પરેશકુમાર દેવેન્દ્રબાબુ કોઠારી | |
| પુત્રી : | જીજ્ઞાબેન અલ્પેશકુમાર શાહ | અલ્પેશકુમાર મનોજકુમાર શાહ | |
| | જીજ્ઞેશ મનહરલાલ મહેતા | મોનાલી જીજ્ઞેશ મહેતા | |
| | વિરલ સુરેશકુમાર મહેતા | શ્રુતિ વિરલ મહેતા | |
| | કીમસી દર્શિલકુમાર શાહ | દર્શિલકુમાર પ્રવીણકુમાર શાહ | |

સંયમ, કલીમા, અર્હમ, રુલુ, રીતિ, ધ્રુવલ તથા માણેકચંદ રેવચંદ મહેતા પરિવાર

## પાંચમી પુણ્યતિથી



## સ્વ. શ્રેયસ અશોકભાઇ શાહ

જ. તા.: ૨/૧૦/૧૯૭૧
સ્વ. તા.: ૦૧/૦૬/૨૦૨૧

મુઠી ઉંચેરો માનવી,
મમતાનો ભેરૂ મધુરતા તો એવી, જાણે સહુ ના ભેરૂ
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે તેવી
પ્રાર્થના... પ્રભુ પરિવારને આઘાત સહન કરવાની
શક્તિ આપે....

❀ શ્રધ્ધા સુમન અર્પણકર્તા ❀

**સમસ્ત શાહ પરિવાર**

## ગુજરાતી દિગંબર જૈન સમાજ મહાસંઘ

મુંબઇ (મહારાષ્ટ્ર) ઝોન અંતર્ગત
ભાયંદર ડિવિઝન આયોજીત

## રોજગાર માર્ગદર્શન તથા BIS સેમિનાર

આપ સૌને જણાવતાં આનંદ થાય છે કે મહાસંઘના નેજા હેઠળ રોજગાર માર્ગદર્શન તથા BIS સેમિનાર નું આયોજન કરવામાં આવ્યું છે.

- ❖ તારીખ : ૩૧/૦૫/૨૦૨૬ (રવિવાર); સમય : બપોરે ૩-૦૦ થી સાંજે ૬-૩૦ સુધી
- ❖ સ્થળ : કપોળ વાડી, ૯૦ ફીટ રોડ, ગીતા નગર, ભાયંદર (વેસ્ટ)
- ❖ કાર્યક્રમની મુખ્ય વિશેષતાઓ :

૧. BIS (Bureau of Indian Standards) અંગે વિગતવાર માર્ગદર્શન : વ્યવસાયિક વિકાસ અને નવા અવસરો વિશે સંપૂર્ણ માહિતી આપવામાં આવશે.
૨. મહિલાઓ માટે ખાસ ગૃહ ઉદ્યોગ પ્રદર્શન : મશીનરી સાથે લાઇવ ઓનલાઇન, ડિસ્પ્લે દ્વારા ઘરેથી વ્યવસાય શરૂ કરવાની પ્રેરણા આપવામાં આવશે
૩. મેડિકલ ઇન્સ્યોરન્સ બેન્કિંગ લોન માર્ગદર્શન : મેડિક્લેમ અને બેન્કિંગ સંબંધિત મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવશે.
૪. ભારત સરકારની વિવિધ યોજનાઓ અંગે જાણકારી
૫. વસિયત (Will) બનાવવાનું મહત્વ અને ફાયદા : પરિવારના ભવિષ્યને સુરક્ષિત બનાવવા માટે વસિયત કેમ જરૂરી છે, સંપત્તિનું યોગ્ય વિતરણ કેવી રીતે કરવું અને કાનૂની રીતે Will બનાવવાના લાભ વિશે સ્પષ્ટ માર્ગદર્શન આપવામાં આવશે.

આપ સૌને વિનંતી છે કે વધુમાં વધુ ઉપસ્થિત રહી આ માહિતીપ્રદ કાર્યક્રમનો લાભ લો.

| | | |
|---|---|---|
| લિ. શ્રી. નવનીત એસ. શાહ | શ્રી.દિપકભાઇ ગાંધી | શ્રી.જગદીશ શાહ (કોમર્સ રોજગાર મંત્રી) |
| ગવર્નર (મહારાષ્ટ્ર ઝોન) | ભાયંદર ડિવિઝન પ્રમુખ | (મહારાષ્ટ્ર ઝોન) મો.: ૯૩૨૪૫ ૪૨૧૮૭ |

# LIFE INSURANCE
## - THE FOUNDATION OF YOUR FINANCIAL PLAN!



Life insurance is uniquely different from all other financial products as it has protection of your financial interests in case of an unfortunate event as its core proposition.

**Assess your**

- Annual Income
- Current & Future Liabilities
- Existing Insurance Cover
- Your Current Age
- Financial Dependency of the Family

Before opting for a suitable cover and adequate sum assured.

**Divyesh H Shah**
+91 98205 16806

**Smeet D Shah**
+91 98209 86806

www.shahfinancialservices.in

REGISTERED WITH REGISTRAR OF NEWSPAPER UNDER RNI NO. MAHGUJ/2005/15912
POSTAL REGD. NO. MCS/052/2024-26 • WPP License No. MR / Tech / WPP-297 / South / 2024-26
LOKADHAR Published on 15TH MAY 2026 Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001 on 19th & 20th of Every month

## શાશ્વત તિર્થાધિરાજ શ્રી સમ્મેદશીખર તથા કલ્યાણક ભૂમી નો યાત્રા પ્રવાસ-૨૦૨૬

દિવાળીના સમયગાળામાં, શ્રી સમ્મેદશિખરજી તથા અન્ય તિર્થોની યાત્રા કરવા, કોટડીયા સમરતબેન નેમચંદ ઉગરચંદ સમ્મેદશિખર યાત્રા ટ્રસ્ટ તથા અન્ય ટ્રસ્ટ-ફંડોના નેજા હેઠળ યાત્રા પ્રવાસનું આયોજન કરવાનું નક્કી કરેલ છે.

આ નિર્ધારીત યાત્રા પ્રવાસની વધુ વિગતવાર માહિતી લોકાધારના જુલાઈ મહિનાના અંકમાં આપવામાં આવશે.

**સંભવિત ઉપાડવાની તારીખ :** ૭ નવેમ્બર ૨૦૨૬ (ધનતેરસ) {આગળ-પાછળ એકાદ દિવસ થઈ શકે છે} [ટ્રેન શીડયુલ ના વર્ષાઋતુ ના ફેરફાર જાણ્યા બાદ final date નક્કી થશે].

**સંભવિત અંદાજીત દર : ફુલ ટીકીટ માટે (રૂા. ૨૧,૦૦૦/- થી ૨૪,૦૦૦/- ની વચ્ચે)**

**સંભાવિત સ્થળો :** મુંબઈ થી ઉદયગીરી-ખંડગીરી-સમ્મેદશીખર-વારાણસી (કાશી-બનારસ) અયોધ્યા - અલ્હાબાદ તથા તેની અગલ-બગલમાં આવેલ તીર્થંકરોની કલ્યાણ ભૂમીના દર્શન યાત્રા પ્રોગ્રામનું આયોજન કરેલ છે.

નોંધ : નામ નોંધવામાં આવશે (ફોન નં.૦૯૩૪૫૦૮૦૫૬ અને ૦૨૨-૬૬૩૩ ૭૪૭૯ (કાર્યાલયનો દિવસના સમય : ૧૨ થી ૫)

લિ. વિનોદ શાહ (યાત્રા ટ્રસ્ટ પ્રમુખ) — નવનિત શાહ (મુંબઈ ઝોન ગવર્નર) — અજીત ગાંધી (યાત્રા ટ્રસ્ટ ઉપપ્રમુખ) — ધર્મેશ ગાંધી (મે.ટ્રસ્ટી)


## લોકાધાર સંરક્ષક ટ્રસ્ટી

૧) શાહ વિજયભાઈ ચંદુલાલ મોહનલાલ (ટ્રેઝર ગ્રુપ-અંધેરી)
૨) શ્રી દિગંબર જૈન સમાજ-અલકાપુરી વડોદરા દ્વારા સંચાલિત
શ્રી ૧૦૦૮ ચિંતામણી પાર્શ્વનાથ દિગમ્બર જૈન મંદિર, ગોત્રી રોડ, વડોદરા.
૩) સ્વ.શાહ શાંતાબેન ભોગીલાલ મગનલાલ (ભોજવાળા)
૪) શાહ ચંદ્રેશભાઈ અમૃતલાલ (USA)
૫) ગાંધી નિખિલ સેવંતીલાલ અમૃતલાલ (સોનાસણ-અમદાવાદ)
૬) પુણ્યોદય તીર્થક્ષેત્ર, શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર, શિરસાડ (વિરાર)
૭) શાહ કાન્તાબેન કાન્તિલાલ કેશવલાલ પરિવાર, ઉજેડીયા (તલોદ-વડોદરા)
૮) શાહ મગનલાલ નાથાલાલ, ભોજવાળા (હ.મોનીશ પ્રતિક મહેશચંદ્ર શાહ-વડોદરા)
૯) કોટડીયા ચેતનાબેન સુભાષચંદ્ર સોમચંદ (વાપી)
૧૦) શ્રી શાહ સી.એમ. (છગનકાકા) તથા શ્રીમતિ કમળાબેન સી.એમ.શાહ તથા તેમનો પરિવાર (સાવમા-લંડન)
૧૧) ગાંધી વિમળાબેન દિનેશચંદ્ર ચંદુલાલ હસ્તે: સ્વ.ડો.પૂર્વી,અપૂર્વ, સેજલ, અનેરી, આરવ, સોનાસણ (અમદાવાદ)
૧૨) સંસ્થાપક શ્રી. વિનોદચંદ્ર ચુનીલાલ ગાંધી, સી. એ. (મુંબઈ-ગોરા)
૧૩) સ્વ. કોટડીયા અરૂણાબેન મહેન્દ્રકુમાર બેરણા-ઇન્દોર (હસ્તે : સુપુત્રો ચિ.અમિત/ચિ.અભય)



'લોકાધાર' અંગે
પત્રવ્યવહારનું સરનામું :
તંત્રીશ્રી - શ્રી જૈન યુવા સંઘ,
આર.કે.બિલ્ડિંગ નં.૩,
૮મી ખેતવાડી, મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ફોન : (૦૨૨) ૬૬૩૩ ૭૪૭૯
મોબા.: ૯૩૨૪૫૦૮૦૫૬ (જે.પી.)




Printer & Publisher : On behalf of Jain Yuva Sangh, Vasant M. Kotadia printed LOKADHAR at Fakhri Printing Press, 312/A, Byculla Service Ind. Estate, Dadaji Kondev Cross Road, Byculla, Mumbai-400 027 & Published at 8th Khetwadi, R.K.Bldg. No.3, Mumbai-4, Tel. : (022) 6633 7479 Editor: Pankaj B.Shah, 8th Khetwadi, R.K.Bldg. No.3, Mumbai-4.